

# આત્મધર્મ

[૪૫૫]

વર્ષ : ૩૮ : : સપ્ટેમ્બર ૧૯૮૧ : : અંક : ૩

૬૮ મી જન્મ જયંતીના શુભ અવસરે સમૂહદર્શનપ્રસંગે
પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીએ દર્શનાર્થીસમુદાયને દીધેલો

# મંગલ સુબોધ

ગુરુદેવે જ બધો માર્ગ બતાવ્યો છે. ગુરુદેવ આ જગતમાં સર્વોત્કૃષ્ટ હતા. તેઓ એક અજોડ સૂર્ય હતા. ગુરુદેવ વગર તો અત્યારે બધું સૂનકાર લાગે છે. ગુરુદેવ વગરનું આ બધું (હીરાથી વધાવવું ઇત્યાદિ) કરવું એ મને તો કાંઈ સારું લાગતું નથી. ગુરુદેવની વાણી દ્વારા આત્મા કેવો અનુપમ છે તે જગતના જીવોને ખ્યાલમાં આવી જતું. એમની વાણીમાં અપૂર્વ અતિશયતા હતી. એમની વાણી જીવોના અંતરને ખોલી નાખે એવી હતી. ગુરુદેવ જ આ જગતમાં સર્વોત્કૃષ્ટ હતા. ગુરુદેવ કહેતા કે જ્ઞાયકતત્ત્વને તું ઓળખ. શુદ્ધાત્માને ઓળખ. શુદ્ધાત્મા અંતરમાં શુદ્ધતાથી ભરેલો છે, જેમાં કોઈ વિભાવ નથી, પરતત્ત્વ નથી. અનંત મહિમાથી ભરપૂર, અનંત ગુણોથી ભરપૂર, અનુપમ નિર્વિકલ્પ તત્ત્વ છે એને ઓળખ, એમાં દૃષ્ટિ દે. એનું જ્ઞાન કર, એમાં રમણતા કર, તો આ જે દુનિયાની દૃષ્ટિ છે તેનાથી કોઈ જુદી જ દૃષ્ટિ, જુદું જ જ્ઞાન ને જુદી જ રમણતા અંદરથી પ્રગટ થશે. આ બધાથી જુદો જ તારો વસવાટ છે, જુદું જ તારું ઘર છે, તેને તું પ્રાપ્ત કર એમ ગુરુદેવે બતાવ્યું છે. ગુરુદેવ આ જગતમાં પંચમકાળે '(ભવિષ્યના) તીર્થંકર'નું દ્રવ્ય હતા. એમનું દ્રવ્ય કોઈ જુદું જ અલૌકિક હતું. એમણે જગત ઉપર જે ઉપકાર કર્યો છે તે વર્ણવવાના કોઈ શબ્દો નથી. એમનો ઉપકાર અપૂર્વ હતો. ગુરુદેવે જે 'જ્ઞાયકતત્ત્વ' સાધ્યું તે જ જીવનમાં સૌએ કરવા જેવું છે. દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખીને અનંત ગુણથી ભરપૂર જ્ઞાયકતત્ત્વને ઓળખવું એ જ કરવા જેવું છે. એ જ જીવનનું સર્વસ્વ છે....

—પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

વાર્ષિક
લવાજમ
રૂપિયા નવ
વર્ષ ૩૮
અંક ૩
[ ૪૫૫ ]

વીર
સંવત
૨૫૦૭
A.D. 1981
SEPT.





# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

---

જિન-વચન :

## બંધ ને મોક્ષ પોતાના પરિણામથી જ જાણ

(શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૧-૬-૬૬)

શ્રી યોગીન્દ્રદેવ એક દિગંબર સંત થયા છે. એમણે આત્માનો અંતર યોગ એટલે કે વેપારનો સાર કે જે આત્મ-વેપારથી આત્માનું કલ્યાણ ને મુક્તિ થાય તે આ યોગસાર-શાસ્ત્રમાં વર્ણવ્યો છે. તેમાં બાર ગાથા થઈ ગઈ છે. હવે ૧૩મી ગાથા કહે છેઃ—

ઇચ્છારહિત તપ નિર્વાણનું કારણ છેઃ—

**વિણ ઇચ્છા શુચિ તપ કરે, જાણે નિજરૂપ આપ;**
**સત્વર પામે પરમપદ, તપે ન ફરી ભવતાપ. ૧૩.**

પોતાના પવિત્ર શુદ્ધ આનંદ સ્વરૂપને જાણીને, શુભાશુભ ઇચ્છારૂપ રાગને રોકીને પોતાના શુદ્ધ પવિત્ર સ્વરૂપમાં તપવું એટલે લીન થવું તેને ઇચ્છારહિત તપ કહેવામાં આવે છે. પુણ્ય-પાપના રાગ રહિત શુદ્ધ આત્મસ્વભાવનું જ્ઞાન કરીને પુણ્ય-પાપના ભાવને રોકીને સ્વરૂપમાં લીન થાય તેને તપ કહેવામાં આવે છે અને તે તપથી મુક્તિ થાય છે.

આત્મા વસ્તુસ્વરૂપે ઇચ્છારહિત છે. આત્મા તો જ્ઞાનાનંદસ્વરૂપી અનંત આનંદની મૂર્તિ છે, એમાં ઇચ્છા જ નથી. તેથી જે ઇચ્છા છે તેનો આશ્રય-લક્ષ છોડીને જેમાં ઇચ્છા નથી એવા જ્ઞાન-દર્શન ને આનંદમય આત્માના શ્રદ્ધા-જ્ઞાન ને લીનતા વડે શુદ્ધ સ્વરૂપમાં શુદ્ધ ઉપયોગની લીનતા વડે સંવર ને નિર્જરા થાય છે.

અશુભ ભાવ હો તો પાપ થાય, દયા-દાન આદિ શુભ ભાવ હો તો પુણ્ય થાય પણ ધર્મ ન થાય. ચિદાનંદ સ્વરૂપ આનંદમૂર્તિ ભગવાન આત્માના ભાન વિના એકલા ઉપવાસ

આદિ કરે ને તેમાં રાગની મંદતા હોય તો મિથ્યાત્વ સહિત પુણ્ય બાંધે પણ તેને ધર્મનું સ્વરૂપ કહેવામાં આવતું નથી કે તેનાથી જન્મ-મરણના અંત આવતા નથી. ભગવાન આત્મા પોતાના વીતરાગી નિર્દોષ અકષાય સ્વરૂપને જાણીને તેમાં લીન થાય તેનું નામ ઇચ્છારહિત કહેવામાં આવે છે ને તેનાથી જન્મ-મરણના અંત આવે છે.

હું અતીન્દ્રિય આનંદસ્વરૂપ છું—એવું જેને જ્ઞાન નથી તે તેમાં ઠરે કેમ? પોતાનામાં જેને અતીન્દ્રિય આનંદ ન ભાસે તે તેમાં લલચાય કેમ? જેને પુણ્યપાપના પરિણામમાં ઠીકપણું લાગતું હોય તે ત્યાંથી ખસે કેમ? માટે ભગવાન આત્મા જ્ઞાન-દર્શન-આનંદ સ્વરૂપ છે તેને જાણ, કેમ કે તે ઇચ્છા વિનાની ચીજ છે. તેથી ઇચ્છા વિનાની જે ચીજ છે તેના લક્ષે ઇચ્છાને ટાળીને વીતરાગસ્વરૂપમાં ઠરે તેને ઇચ્છારહિત તપ કહે છે. પવિત્ર આનંદસ્વરૂપમાં ઠરે ને લીન થાય એટલે ઇચ્છા રોકાઈ ગઈ ને સ્વરૂપમાં લીન થયો તેને મુક્તિનો માર્ગ કહેવામાં આવે છે.

ઇચ્છાને રોકીને—એમ કહેવું એ પણ નાસ્તિથી એક વાત છે. જ્ઞાયકની સત્તાનું ભાન કરીને તેમાં દૃષ્ટિ ને સ્થિરતા કરતાં ઇચ્છા રોકાઈ જાય છે ને સ્વરૂપમાં લીનતા થાય છે તેને પરમાત્મા તપ અને ધર્મ કહે છે. આહાર ન લેવો કે અમુક રસ ન લેવો—એ તો બધી લાંઘણ છે, ચારિત્રની રમણતા તે તપ છે. અનાદિથી રાગમાં રમે છે, પુણ્યપાપના રાગના વિકલ્પમાં રમે છે તે સંસાર છે. એ પુણ્યપાપના રાગથી ખસીને જેમાં એ પુણ્ય-પાપ નથી એવા ભગવાન આત્માના સ્વભાવમાં ઠરવું તે તપ ને મુક્તિનો ઉપાય છે.

આત્માને જાણ્યા પછી તપ થાય એમ કહ્યું, પણ અમે તો આત્માને જાણવા માટે તપ કરીએ છીએ! બાપુ! આત્માને જાણ્યા વિના તપ શી રીતે હોય? તમારું નામ જાણવું હોય તો કેટલા ઉપવાસ કરે ત્યારે નામ જણાય? મારે તમારું નામ પૂછવું નથી, ઉપવાસ કરીને તમારું નામ જાણવું છે, તો કેટલા ઉપવાસ કરવાથી નામ જણાય? ભાઈ! પૂછવું પડે ને? -કે તમારું નામ-ઠામ શું? જ્ઞાન દ્વારા જ અજ્ઞાનનો નાશ થઈ શકે છે. તેથી આત્મા પોતાના આત્માનું પ્રથમ જ્ઞાન કરે કે જાણનાર દેખનાર તે આત્મા—એમ આત્માનો વિશ્વાસ ને શ્રદ્ધા-જ્ઞાન કરીને, રાગથી ખસીને સ્વરૂપમાં ઠરે ત્યારે તપ થાય છે ને તેને ધર્મ કહેવામાં આવે છે.

મોક્ષસ્વરૂપ ભગવાન આત્મામાં લીન થવાથી અલ્પકાળમાં મોક્ષ દશાને પામે છે, તેને પછી ચાર ગતિ હોતી નથી. પંચમ પરમ ગતિ પામ્યા પછી તેને ફરીથી અવતરવું પડતું નથી. જેણે ભગવાન આત્માના શુદ્ધ સ્વભાવનો વિશ્વાસ કરીને, વિશ્વાસે તેમાં રમીને તે દ્વારા જેણે પરમ ગતિને પ્રાપ્ત કરી તે ફરીને સંસાર પામતો નથી. અતીન્દ્રિય આનંદમાં જે લીન થયો, પૂરણ લીનતા પામ્યો તે હવે ત્યાંથી પાછો ખસે—એમ ત્રણકાળમાં બનતું નથી. માખી જેવું પ્રાણી પણ સાકરની મીઠાસમાં લીન થયા પછી તેની પાંખ ચોંટી જાય કે બાળકના આંગળાથી થોડી દબાય તોપણ માખી તે મીઠાસને છોડતી નથી, ઉડતી નથી.

તેમ આનંદસ્વરૂપ આત્માનો જેને વિશ્વાસ આવ્યો છે, આત્માનું જ્ઞાન કરીને તેનો વિશ્વાસ આવ્યો ને તેમાં ઠરે છે, તપે છે, લીનતા કરે છે તે અલ્પકાળમાં પર્યાયમાં મુક્તદશાને પામે છે ને પછી તે સંસારમાં ફરી અવતરતો નથી. ૧૩.

હવે ચૌદમી ગાથા કહે છે, આ ગાથા બહુ સમજવા જેવી છે. કહે છે કે પરિણામોથી જ બંધ ને પરિણામોથી જ મોક્ષ થાય છે.

**બંધ-મોક્ષ પરિણામથી, કર જિનવચન પ્રમાણ;**
**નિયમ ખરો એ જાણીને, યથાર્થ ભાવો જાણ. ૧૪.**

ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્માએ પરિણામોથી જ કર્મબંધ કહ્યો છે. તારા જે પરિણામ છે તેનાથી જ બંધ થાય છે. કોઈ જીવની હિંસા કે દયાથી બંધન થતું નથી પણ તારા પરિણામથી ભગવાને બંધ કહ્યો છે. શ્રી સમયસારમાં પણ ભગવાન પોતે એમ કહે છે કે કોઈ વસ્તુના આશ્રયે બંધ થતો નથી, પર જીવ મરે કે બચે તેના આશ્રયે બંધ થતો નથી. તારા જેવા શુભ ને અશુભ ભાવ મિથ્યાભાવ તેનાથી બંધ થાય છે. શુદ્ધસ્વભાવની સન્મુખતા છોડી દઈને પરસન્મુખતાના તારા પરિણામ તે એક જ બંધનું કારણ છે.

આત્મા શુદ્ધસ્વરૂપી છે, તેની સન્મુખતાના પરિણામ તે મોક્ષનું કારણ છે અને તેની વિમુખતાના તારા જે પરિણામ તે બંધનું કારણ છે. કર્મના લઈને બંધ થાય કે સામો જીવ જીવે-મરે તે બંધનું કારણ છે જ નહીં ભલે એ પરિણામમાં પર ચીજ નિમિત્ત હો, પણ એ ચીજ બંધનું કારણ નથી. તારા સ્વસ્વભાવની વિમુખતા ને પરચીજની સન્મુખતાના તારા મિથ્યાત્વ પરિણામ ને પુણ્ય-પાપના પરિણામ તે એક જ બંધનનું કારણ છે.

જેમ પોતાના અશુદ્ધ પરિણામ—મિથ્યાત્વના પરિણામ, શુભાશુભ-ભાવના, અવ્રતના, પ્રમાદના, કષાયના તારા જે પરિણામ-તે પરસન્મુખતાના પરિણામ જ બંધને ઉત્પન્ન કરાવનારા છે. તેમ તારા પરિણામથી જ-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામથી જ મોક્ષ છે. સ્વસન્મુખતાના પરિણામ જ મોક્ષનું કારણ છે ને તેને છોડીને મિથ્યાત્વના અવ્રત આદિના પરસન્મુખતાના પરિણામ જ બંધનું કારણ છે-એમ તીર્થંકરદેવ સો ઇન્દ્રો ને ગણધરોની ઉપસ્થિતિમાં કહેતા હતા.

પોતાના શુદ્ધ સ્વભાવની સન્મુખતારૂપ નિશ્ચયરત્નત્રયના પરિણામ જ મોક્ષનું કારણ છે-એમ તું જાણ-એમ ભગવાન ફરમાવે છે. પોતાની શુદ્ધ સંપદાને છોડીને એના મહાત્મ્યને મૂકીને પોતાથી અધિકપણે પર વસ્તુની કિંમત કરવારૂપ મિથ્યાત્વના પરિણામ અને તેની સાથે જે શુભ ને અશુભ પરિણામ તે એક જ બંધનું કારણ છે. ચાર ગતિમાં રખડવાનું આ એક જ કારણ છે. નવા કર્મો જે બંધાય તે તારા પરિણામથી બંધાય છે, પરચીજથી બંધાતા નથી. પર જીવ મરે કે પર જીવ બચે, લક્ષ્મી જાય કે રહે, લક્ષ્મી આવવાની

જે ક્રિયા થાય અથવા કંજુસાઈની જે ક્રિયા થાય તે કાંઈ તને બંધનું કારણ નથી. પરંતુ તેના તરફની રુચિ ને આસક્તિ પૂર્વકના તારા જે પરિણામ તે એક જ બંધનું કારણ છે, બીજું બંધનું કારણ નથી. પોતાના પરિણામ બંધનું કારણ ને કર્મ પણ બંધનું કારણ–એમ બે કારણ છે જ નહીં. બીજું નિમિત્ત ભલે હો પણ બંધનું કારણ તો એક જ જીવના પોતાના પરિણામ જ છે.

ભગવાન આત્માના શુદ્ધ આનંદસ્વભાવને ભૂલીને પરમાં કે પુણ્ય-પાપના ભાવમાં ક્યાંય પણ સુખ છે એવી માન્યતાના પરિણામ તે તેને સંસારના બંધનું કારણ છે અને તે જ પરિણામથી ગૂલાંટ ખાઈને શુદ્ધ સ્વરૂપી ભગવાન આત્માની શ્રદ્ધા–જ્ઞાન ને સ્થિરતાના પરિણામ જ મોક્ષનું કારણ છે. દેહની ક્રિયા મોક્ષનું કારણ નથી એમ કહે છે! મોક્ષ પણ આત્માના પરિણામથી થાય, દેહની ક્રિયાના નિમિત્તથી થાય નહીં. સ્વભાવની મહિમાનું જ્ઞાન, સ્વભાવની મહિમાનો વિશ્વાસ, સ્વભાવની મહિમામાં લીનતારૂપ સ્વ-અભિમુખના પરિણામ એ જ ભગવાન આત્માને મુક્તિનું કારણ છે, પણ બે–પાંચ લાખ રૂપિયા દાન દેવાથી કાંઈ મુક્તિ કે ધર્મ થઈ જતો નથી. અરે! દાનના શુભરાગના પરિણામ તો બંધનું કારણ છે–એમ અહીં વાત ચાલે છે, કેમ કે એ તો પર–સન્મુખતાના પરિણામ છે. ધર્મીને દયા–દાન આદિના પરિણામ હોય ખરા, આવે ખરા, પણ એ જાણે છે કે આ બંધપરિણામ મારા અબંધસ્વરૂપી ભગવાન આત્માને બંધનું કારણ છે, ને સ્વસન્મુખતાના અબંધપરિણામ મારા અબંધસ્વરૂપી ભગવાન આત્માને છૂટવાનું કારણ છે.

આ તો યોગસાર છે ને! કહે છે કે સ્વરૂપની સન્મુખતાનો વેપાર એ પરિણામ મુક્તિનું કારણ ને સ્વરૂપથી વિમુખ પરિણામ તે બંધનું કારણ છે. સમ્યગ્દૃષ્ટિ હો કે મિથ્યાદૃષ્ટિ હો જે અશુદ્ધ પરિણામ થયા તે બંધનું જ કારણ છે. સમ્યગ્દૃષ્ટિને પણ વ્રતાદિના જેટલા પરિણામ આવે તે પરસન્મુખતાના પરિણામ છે ને જેટલા પરસન્મુખતાના પરિણામ છે તેટલું બંધનું કારણ છે તથા જેટલા સ્વસન્મુખતાના પરિણામ છે તે જ પરિણામ પૂરણ શુદ્ધ પરિણામરૂપી મુક્તિનું કારણ છે.

પરિણામથી જ મુક્તિ ને પરિણામથી જ સંસાર છે એમ તું જાણ. એમ જાણીને એ બન્ને ભાવને તું ઓળખ. પરસન્મુખતાના પરિણામનું જ્ઞાન કર અને સ્વસન્મુખતાના પરિણામનું જ્ઞાન કર, પૂર્ણાનંદના નાથની સન્મુખના પરિણામને તું જાણ અને તેની વિમુખના પરિણામને તું જાણ. આ તો સમ્યગ્દૃષ્ટિને કહે છે કે જ્ઞાન તો બન્નેનું કરવાનું છે. સમકિતીને પણ વિષય-કષાયના કામ-ક્રોધના પરિણામ આવે છે, દયા–દાન–વ્રત–ભક્તિના પરિણામ આવે છે પણ એને તું બંધના કારણ જાણ.

અરે! જ્ઞાન શું ન જાણે! ત્રણ કાળ ત્રણ લોકને જાણવાવાળું ચૈતન્યતત્ત્વ એ સાધક સ્વભાવને ને બાધકપરિણામને કેમ ન જાણે? જેને ત્રણ કાળ ને ત્રણ લોક એક સમયની

પર્યાયમાં સમાઈ જાય છે—એવો ભગવાન આત્મા સાધકપણામાં સ્વસન્મુખના પરિણામને અને પરસન્મુખના પરિણામને બરાબર જાણી શકે છે.

ભાઈ! તારે જન્મ-મરણ રહિત થવું હોય તો આ વાત છે. બાકી તો આ ચાર ગતિમાં ધોકા (—માર) તો અનાદિથી ખાઈ રહ્યો છે. હેરાન હેરાન થઈ ગયો. એક ચાર-છ કલાક બોલાય નહીં કે પડખું ફરી શકાય નહીં ત્યાં હાય હાય! ક્યાંય સુખ પડતું નથી! અકળામણ અકળામણ થાય છે! પણ અકળામણ શેની છે? અકળામણ તો તારા રાગની છે, પડખું ન ફરવાની નથી. પરનું કરે કોણ? અહીં તો કહે છે કે જડની અવસ્થાના અભિમાનના પરિણામ બંધના કારણ છે. તને ખબર નથી બાપુ! ભગવાન આત્મા ચિદાનંદની મૂર્તિ પ્રભુ છે તેની સન્મુખના પરિણામ તે એક જ તને હિતકર અને કલ્યાણનું કારણ છે, એ સિવાય કોઈ તને હિતકર કે કલ્યાણનું કારણ છે નહીં.

મુનિવ્રત, શ્રાવકના વ્રત, તપ, ભક્તિ, પઠન-પાઠન—ઈત્યાદિનો રાગ, મંત્ર-જાપનો રાગ—એ સર્વે બંધનું જ કારણ છે. મોક્ષનું કારણ એક વીતરાગ ભાવ છે. ભગવાન આત્માના અંતર શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા, નિર્વિકલ્પતા, વીતરાગતા, શુદ્ધ સ્વરૂપને અવલંબીને થયેલા શુદ્ધતાના પરિણામ એ એક જ સંવર-નિર્જરારૂપ છે ને તે એક જ મુક્તિનો ઉપાય છે. ૧૪.

હવે ૧૫ મી ગાથા દ્વારા કહે છે કે પુણ્ય કર્મ મોક્ષસુખ આપી શકતું નથી.

**નિજરૂપ જો નથી જાણતો, કરે પુણ્ય બસ પુણ્ય;**
**ભમે તોય સંસારમાં, શિવસુખ કદી ન થાય. ૧૫.**

પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપનું જ્ઞાન ને વિશ્વાસ સિવાય બધા પ્રકારના ઊંચામાં ઊંચા શુભભાવ—દયા, દાન, વ્રત, ભક્તિ સાધુના પાંચ મહાવ્રત, બાર તપ આદિ શુભભાવ સાધક છે નહીં. પંચ મહાવ્રતના પરિણામ, અઠ્ઠાવીસ મૂળગુણના પરિણામ, જાવજીવ બ્રહ્મચર્ય પાળવાના પરિણામ, એક લંગોટી માત્ર પણ ન રાખવાના પરિણામ, નવમી ગ્રૈવેયક જાય એવા શુભ પરિણામ—એ બધાય બંધના કારણ છે. આત્માના ભાન વિનાનું એ પુણ્ય મુક્તિનું કારણ નથી. આત્માના ભાન સહિત એ હોય તો તેને તેમાં નિમિત્ત કહેવામાં આવે છે એટલે કે તે મુક્તિનું કારણ તો છે જ નહીં.

નિજ શુદ્ધ સ્વભાવનો ભંડાર અંતરમાં ઊંડો પડ્યો છે એને જેણે જ્ઞેય બનાવ્યો નથી, એનો વિશ્વાસ ને જ્ઞાન કર્યો નથી ને ગમે તે જાતના ઊંચા શુભ પરિણામ કરે તોપણ તે મુક્તિના સુખને પામતો નથી એટલે કે તેને સંવર-નિર્જરા થતી નથી. પોતાના પૂર્ણાનંદની શ્રદ્ધા-જ્ઞાન ને સ્થિરતાના ભાવ શુદ્ધ ઉપાદાનથી પ્રગટ કર્યા ત્યારે વ્રતાદિના પરિણામ કે જે બંધના કારણ છે તેને નિમિત્ત તરીકે કહેવાય. નિમિત્ત દેખીને વાત કરી ત્યાં તેને વળગ્યો!

જેણે ભગવાન આત્માના જ્ઞાનાનંદ સ્વભાવની કિંમત કરી નથી તે જીવો પુણ્યના પરિણામની કિંમત કરીને દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ કરીને તેનાથી અમારું કલ્યાણ થશે એમ માને છે તે જીવો ચાર ગતિમાં રખડશે, તેને જન્મ-મરણના અંતનો કાંઈ પણ લાભ નહીં થાય. દેહ ને રાગથી ભિન્ન એવો જે પરમાત્માનો નિજસ્વભાવ તેને જે જાણતો નથી તે ભલે અશેષ શુભભાવ કરે પણ એનાથી જરીયે ધર્મ થતો નથી. આટલું કરવા છતાં-ઊંચામાં ઊંચા શુભભાવો ને તેની ક્રિયાઓ કરવા છતાં તે સિદ્ધના સુખને પામતો નથી. ભગવાન આત્મામાં આનંદ ભર્યો છે પણ તેનો વિશ્વાસ કરતો નથી ને શુભભાવમાં વિશ્વાસ કરે કે આનાથી મુક્તિ થશે તે ચાર ગતિમાં રખડશે એટલે કે તેને આત્માના આનંદની પ્રાપ્તિ થશે નહીં ને ચાર ગતિમાં ફરી ફરીને રખડશે.

આત્માના શુદ્ધ સ્વરૂપના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પ્રગટપણા વિના છેલ્લામાં છેલ્લા શુભ પરિણામ કર તોપણ તે આત્માને સંવર-નિર્જરાનું કારણ નથી, તે બંધનું જ કારણ છે. ચોથેકાળે પણ આ જ વાત છે ને પંચમકાળે પણ આ જ વાત છે. પાંચમો આરો છે માટે શુભભાવ કાંઈક લાભનું કારણ હશે એમ નથી, શુભભાવ બંધનું જ કારણ છે.

બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગીના આચરણ પાળે છે. શાસ્ત્રોક્ત વ્રત, સમિતિ, ગુપ્તિ પાળે છે, તપ કરે છે પણ આત્મજ્ઞાન નથી તેથી મહાનપુણ્ય બાંધે છે ને નવમી ગ્રૈવેયક જાય છે. પરંતુ શુદ્ધ ચિદાનંદ આત્માનો અંતર વિશ્વાસ આવ્યા વિના પુણ્યના વિશ્વાસે ચઢી ગયો—ખોટા વિશ્વાસે ચઢી ગયો, ખોટે રસ્તે ચઢી ગયો તેથી તે મોક્ષ સુખને પામતો નથી ને ચાર ગતિમાં ફરી ફરી ભ્રમણ કરે છે.

માટે અહીં તો કહે છે કે અશેષ પુણ્યના જેટલા ભાવ હો તેટલા કરવામાં આવે છતાં તેનાથી ભિન્ન ભગવાન આત્માનું ભાન ન કરે તો તેને પરિભ્રમણ કદી મટે નહીં, ચાર ગતિમાં રખડવાનું થાય પણ તેને અવતાર કોઈ દિ' ઘટે નહીં. વિશેષ કહેવાશે.

(ક્રમશઃ)

## સ્વતંત્ર પરિણમન

જે પરમાણુની પર્યાય જે કાળે જે ક્ષેત્રે તેના જન્મક્ષણે ષટ્કારકથી પરિણમે છે તેને કોણ કરે ને કોણ ફેરવે ? આ રીતે જ દરેક દ્રવ્યનું સ્વતંત્ર પરિણમન છે. ખરેખર તો સ્વદ્રવ્ય પરદ્રવ્યને અડતું જ નથી. આત્મા શરીરને અડતો જ નથી કે હાથ-પગને હલાવતો નથી. શરીર જમીનને અડતું જ નથી. આવી વસ્તુની સ્વતંત્રતા છે. આવી સ્વતંત્રતાની હા પાડતાં, લત પડતાં હાલત થાય છે.

# શુદ્ધાત્મ-અવલોકન — जाण अलिंगग्गहणम् ।

[ શ્રી સમયસાર ગાથા-૪૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

[ તા. ૧૯-૧-૭૮ ]

શ્રી સમયસાર શાસ્ત્રની ૪૯ મી ગાથામાં અવ્યક્તના બોલ ચાલે છે. અવ્યક્ત એટલે આત્મા જે ધ્રુવ, શુદ્ધ, ચૈતન્ય, અનંત. અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ. અતીન્દ્રિય આનંદનો સાગર, અતીન્દ્રિય પ્રભુતાનો ઇશ્વર- એવી અનંત શક્તિ, એવી એક એક શક્તિમાં અનંત આનંદનું રૂપ—એવી અનંત શક્તિનું એક રૂપ તેને અવ્યક્ત કહે છે; તે જ ઉપાદેય છે; તે જ આદરણીય છે; તે સિવાય બધી ચીજો હેય તરીકે જ્ઞેય છે, આ અવ્યક્ત આત્મા ઉપાદેય તરીકે જ્ઞેય છે. હવે કષાયોના સમૂહની વાત છે. કોઈ અજ્ઞાનીઓ કહે છે કે ચિત્તશુદ્ધિ થાય છે તો આત્મ-અનુભવ થાય છે. ચિત્તશુદ્ધિ-શુભરાગ-કષાયના મંદ ભાવ હોય તો આત્મા અકષાયસ્વરૂપ છે તેનો અનુભવ-સમ્યગ્દર્શન થાય છે; તો તેને કહે છે કે કષાયભાવોનો સમૂહ ભાવકભાવ છે, ભાવકનો ભાવ છે, કર્મ જે બીજી વસ્તુ ભાવક છે, તે ભાવ કરવાવાળાનો ભાવ છે. ત્યાં ચિત્તશુદ્ધિમાં જે રાગની મંદતા થાય છે તે ભાવકનો ભાવ છે; કર્મ ભાવક છે તેનો એ ભાવ છે. દ્રવ્યસ્વભાવનો એ ભાવ નથી.

શ્રી સમયસાર ગાથા ૧૩ માં આસ્રવ્ય અને આસ્રવક જે કહ્યું છે ત્યાં પણ પર્યાયમાં આસ્રવ થવા લાયક લીધું છે અને આસ્રવ કરવાવાળું કર્મ છે એમ લીધું છે; ત્યાં વ્યવહાર નવતત્ત્વ બતાવવા છે એને તે બધાથી રહિત ભૂતાર્થ એક ચૈતન્યનું અવલંબન લેવું એમ બતાવવા આસ્રવ કરવાવાળું કર્મને જ બતાવ્યું છે; તેમ જ પોતાની પર્યાય બંધ થવા યોગ્ય છે અને બંધક-ભાવક કર્મને લીધું છે—એમ સાતેમાં ઉતાર્યું છે. જીવસ્વરૂપ ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ પ્રભુ ચિદ્‌ઘન છે તે જ સમ્યગ્દર્શનનો વિષય છે ને તેની પર્યાયમાં જે તત્ત્વ થાય છે તેને કર્મનું નિમિત્ત-ભાવક કહીને, પોતાની પર્યાયને ભાવ્ય કહીને-બન્નેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવી એક જીવમાં બીજા અજીવના નિમિત્તથી આવા સાત ભેદ ઉત્પન્ન થાય છે એટલે કે જીવ અને અજીવ અને આ સાત કહ્યા તે મળીને નવ થાય છે; એક બાજુ જીવ અને એક બાજુ અજીવ તે એના સંયોગથી સાત તત્ત્વ પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ-ઉત્પન્ન થાય છે. તે સાતેમાં-બંધ થવા લાયક આત્માની પર્યાય અને બંધ કરવાવાળું કર્મ છે, કારણ કે દ્રવ્યસ્વભાવમાં તે નથી. ત્યાં જે કર્મને કરવાવાળું કહ્યું તેનું કારણ એ કે વિકલ્પ સ્વભાવસ્વરૂપ આત્માનો નથી તેથી નવ તત્ત્વની શરૂઆત કરવામાં જ એવું લીધું કે વિકાર થવા યોગ્ય આત્માની

પર્યાય અને વિકાર કરવાવાળું કર્મ છે. એકમાં નવ ઉત્પન્ન થતા નથી, એકમાં તો ચિદાનંદ ભગવાન જ ઉત્પન્ન થાય છે. એકમાં બીજી ચીજનું-ભાવકપણાનું નિમિત્ત થઈને આત્માની પર્યાયમાં સાત તત્ત્વની ઉત્પત્તિ થાય છે.

અહીં એમ કહે છે કે કષાયોનો સમૂહ એ તો ભાવકનો ભાવ છે. ઉપર ગાથા ૧૩ માં પર્યાયની યોગ્યતા લીધી હતી અને ગાથા ૩૨ અને ૩૩ માં પણ પર્યાયની યોગ્યતા લીધી હતી. દ્રવ્યદૃષ્ટિ કરાવવા પર્યાયની યોગ્યતા ને નિમિત્તકર્તા અજીવ–બન્ને છોડવા લાયક છે અને એક ચૈતન્યસ્વરૂપ આનંદકંદ પ્રભુ જ ઉપાદેય કરવા લાયક છે એમ કહ્યું. અહીં પણ ધર્મ કરવો હોય તો અવ્યક્ત એવો ધર્મી જે પોતાનો પરમાત્મસ્વરૂપ છે તે જ એક ઉપાદેય છે, તે જ એક આદરણીય છે તેમ કહે છે.

કષાયોના સમૂહમાં ચિતશુદ્ધિનો રાગ પણ આવી જાય છે. કોઈ કહે છે કે પ્રથમ અશુભભાવ હોય છે તો તેને છોડીને સીધો શુદ્ધ થઈ જતો નથી, છેલ્લે શુભભાવ વચ્ચે હોવો જોઈએ, તેથી એ કારણે શુદ્ધ થાય છે અથવા તે શુભભાવને છોડવાથી શુદ્ધ ભાવ થાય છે માટે શુભભાવની એટલી અપેક્ષા તો આવી ખરીને ?—તો કહે છે કે ના. શુભભાવ એ આત્માનો ભાવ જ નથી, એ તો વિષ છે. ભગવાન આત્મા અમૃતનું સરોવર છે, સમુદ્ર છે, તેની સામે એ શુભભાવ ક્ષણિક, વિકૃત, ભાવકનો ભાવ, ઝેર છે. આ તો પ્રથમ સમ્યગ્દર્શનની વાત છે, અનુભૂતિની વાત છે. પ્રતીતિની અપેક્ષાએ સમ્યગ્દર્શન કહેવાય છે અને વેદન તથા જાણવાની અપેક્ષાએ અનુભૂતિ કહેવાય છે. આ અનુભૂતિમાં ભાવકનો ભાવ આવતો નથી. શુભભાવ પણ ભાવકનો ભાવ છે, જ્ઞાયકનો ભાવ નથી. જ્ઞાયકને અહીં અવ્યક્ત કહ્યો છે કારણ કે ભાવકનો ભાવ જ્ઞેય છે, વ્યક્ત છે, બાહ્ય છે. બીજી રીતે કહીએ તો પુણ્ય–પાપ અધિકારમાં શુભભાવને સ્થૂળ કહ્યો છે, તેનાથી ભિન્ન અવ્યક્તભાવને સૂક્ષ્મ કહ્યો છે. આહાહા ! આ તો અપૂર્વ ધર્મના માર્ગની વાત છે, એ સાધારણથી પ્રાપ્ત થાય એવી ચીજ નથી. જેનાથી ભવનો અંત થઈ જાય તે વસ્તુમાં ભવ ને ભવનો ભાવ નથી, ભવ ને ભવનો ભાવ એ ભાવકનો ભાવ વ્યક્ત છે તે બધાથી રહિત ભગવાન આત્મા અવ્યક્ત છે, પહેલાં બોલમાં જ્ઞેય અને વ્યક્ત છે એમ કહ્યું હતું ને આ બીજા બોલમાં એકલો વ્યક્ત જ કહે છે. પહેલાં બોલમાં જાણવા લાયક છે એમ કહ્યું હતું ને અહીં વ્યક્ત કહે છે.

જે શુભભાવ આસ્રવ કરવાવાળો છે તે વ્યક્ત છે, સ્થૂળ છે. રાગની મંદતાનો ચિતશુદ્ધિનો ભાવ તે વ્યક્ત છે, સ્થૂળ છે તેનાથી જીવ અન્ય છે, સૂક્ષ્મ છે, અવ્યક્ત છે. આવી સૂક્ષ્મ વાત છે, કદી આત્માની દરકાર કરી નથી ને ફક્ત બહારનું શીખવું, વાંચવું, ઉપદેશ આપવો, બહારમાં ખ્યાતિ મેળવવી, લોકો પોતાને માને તો ઠીક—એવી બહારની દેખાદેખીમાં રોકાઈ ગયો. હું કાંઈક શીખું છું, મારામાં આવડત છે, મને કાંઈક આવડે

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૦ ]

# પ્રશમમૂર્તિ ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ભક્તિભાવે ઉજવાયેલ ૬૮ મો જન્મજયંતી-મહોત્સવ

આત્માર્થીઓના આત્મોદ્ધારક અધ્યાત્મતીર્થપ્રભાવક કરુણાસાગર પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રસન્નચિત્તે અવારનવાર મુમુક્ષુ સમાજ સમક્ષ જેમની ભગવતી સ્વાનુભૂતિનો તથા ધર્મસંબંધી જાતિસ્મરણજ્ઞાનઋદ્ધિનો મહિમા કરતા કહેતા હતા—અત્યારે પણ ટેઈપ દ્વારા કહેતા રહે છે—કે 'વિ. સં. ૧૯૯૩ ચૈત્ર વદ આઠમના દિવસે જ બેનને (બહેનશ્રી ચંપાબેનને) આત્માના શુદ્ધોપયોગરૂપ નિર્વિકલ્પ અનુભવ સાથે ઉપયોગમાં નિર્મળતા થતાં જાતિસ્મરણ થયું. ××× સમ્યગ્દર્શન ૮૯ માં થયું હતું. ××× ધ્યાન કરતાં કરતાં એટલાં એકાગ્ર થઈ જાય છે કે પોતે ભરતમાં છે કે વિદેહમાં એ પણ ભુલાઈ જાય છે. ××× અમે સાથે જ મોક્ષ જવાના છીએ. આ વાત બધી પ્રત્યક્ષ થયેલ છે. ××× બેનનું (બહેનશ્રીનું) જ્ઞાન તો અગાધ ને ગંભીર છે. આત્મજ્ઞાન સહિતનું જાતિસ્મરણ છે....એમને ચાર ભવનું જ્ઞાન છે પણ ગંભીર એટલાં કે કોઈ દિવસ બહાર પાડતાં નથી. મને પણ....પોતાની વાત ન કરે, મારું બધું કહી જાય. બેન તો ભગવતીસ્વરૂપ છે, ભગવતીમૂર્તિ છે. બોલવું તો એમને હરામ છે. ક્યાં બોલે જ છે? માટે લોકોને મહિમા આવતો નથી. એમના જેવાં દુનિયામાં કોઈ સ્ત્રી નથી. સ્ત્રીઓનાં મહાન ભાગ્ય છે કે આવા કાળમાં—આવા મિથ્યાત્વના જોરના કાળમાં એમનો અહીં જન્મ! એ તો જે બહુમાન કરશે એમનાં મહાભાગ્ય છે....'—તે અધ્યાત્મવિભૂતિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૮ મી જન્મજયંતીનો મંગલ ઉત્સવ લગભગ **અઢી હજાર** ભક્તોની ઉપસ્થિતિમાં તા. ૧૭-૮-૮૧ શ્રાવણ વદ ૨ ને સોમવારના રોજ સોનગઢમાં ભક્તિભાવે ઉજવાયો હતો.

* આ માંગલિક ઉત્સવના ઉપલક્ષમાં શ્રાવણ સુદ ૧૩ થી વદ ૨ સુધી 'શ્રી પંચ-પરમેષ્ઠી મંડલ-વિધાન-પૂજા' સકલ સંઘે ઉલ્લાસથી વિધિપૂર્વક કરી હતી. આ મંડલ-વિધાન-પૂજન સ્વ. હેમકુંવરબેન કામાણી હસ્તે કાંતાબેન બારા તથા પુષ્પાબેન દોશી તરફથી રાખવામાં આવી હતી. પોતાની અત્યંત નાદુરસ્ત તબિયતના કારણે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનથી પરમાગમ મંદિરમાં બહુમાનવિધિ માટે પધારવાનું અશક્ય હોવાથી શ્રાવણ વદ ૨ ના રોજ પૂ. ગુરુદેવશ્રીના ટેઈપ-પ્રવચન બાદ સવારે ૯ાા વાગે શ્રી ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમમાં પોતાના નિવાસસ્થાને ઓસરીમાં બિરાજમાન પૂજ્ય બહેનશ્રીના પાવન દર્શન-શ્રવણથી સંતોષ માનવો પડ્યો હતો.

* શ્રાવણ વદ બીજના સવારે શ્રી પંચપરમેષ્ઠી મંડલ-વિધાન-પૂજાની પૂર્ણાહુતિ કરીને, શ્રી પરમાગમમંદિરમાં તા. ૨૩-૮-૭૫ના રોજનું—૯૨ મી જન્મજયંતીનું—પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચનસાર ઉપરનું ટેઈપ-રેકોર્ડિંગ પ્રવચન સાંભળીને ઉપસ્થિતિ મુમુક્ષુ સમુદાય અત્યંત આનંદવિભોર બની ગયો હતો. જાણે કે પૂજ્ય ગુરુદેવશ્રી આપણી વચ્ચે સાક્ષાત્ બિરાજમાન હોય ને તેઓશ્રીના શ્રીમુખેથી પ્રત્યક્ષ સાંભળી રહ્યા હોઈએ તેવું લાગતું હતું. પૂજ્ય ગુરુદેવશ્રીએ પણ આત્માર્થી મુમુક્ષુઓની જિજ્ઞાસા જાણીને પ્રવચનની શરૂઆતની ૧૫ મિનિટ સુધી પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રીના દિવ્ય-આત્મ-દ્રવ્યનો મહિમા સમજાવતાં અત્યંત ભાવવિભોર ઉદ્ગારો દ્વારા પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણના માધ્યમથી પોતે સૂર્યકીર્તિ તીર્થંકર થશે, ગયા ભવમાં મહાવિદેહક્ષેત્રમાં ભગવાન શ્રી સીમંધરસ્વામીની દિવ્યધ્વનિનો લાભ લેતાં હતા ને આચાર્યદેવ શ્રી કુંદકુંદ-સ્વામીના સાક્ષાત્ દર્શનનો લાભ મળેલો વિગેરે વિગતથી સભામાં કહ્યું હતું જે સાંભળીને સૌ કોઈ ખૂબ જ પ્રમુદિત થયા હતા.

* ત્યારબાદ શ્રી ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને હીરાથી વધાવવાનો તથા તેઓશ્રીના દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પૂજ્ય બહેનશ્રીને તો પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિના કારણે આ બધું ગમતુ ન હોવા છતાં મુમુક્ષુઓની વિનતીભર્યા આગ્રહને વશ તેઓ પોતાના નિવાસસ્થાનની આગળની ઓસરીમાં પધાર્યા હતા. સૌ પ્રથમ પૂજ્ય બહેનશ્રીએ માંગલિક કહીને, મુમુક્ષુઓની માગણી થવાથી, તેઓશ્રીએ પૂજ્ય ગુરુદેવનો ઉપકાર-મહિમા વ્યક્ત કરીને જ્ઞાયકસ્વભાવનું તલસ્પર્શી માર્મિક સંબોધન કર્યું હતું.

* ત્યારબાદ આ શુભ પ્રસંગે પ્રશમરસ ઝરતી ગંભીર મુદ્રાયુક્ત બહેનશ્રીના ભવ્ય લલાટમાં કેસરનું તિલક કરીને હાર અર્પણ કરવાનું તથા હીરા-માણેક-મોતીથી વધાવવાનું સૌભાગ્ય નીચે મુજબ ૧૯ પરિવારને સાંપડ્યું હતું.

૧. લીંબડી નિવાસી શ્રી પોપટલાલ છગનલાલ શાહ તથા તેમનો પરિવાર

૨. શ્રી ચંપાબેન ઉમરાવપ્રસાદ તથા આનંદકુમાર ફૂલચંદજીનો પરિવાર
હા. બ્ર. આશાબેન.

૩. શ્રી વિમળાબેન સારાભાઈ તથા તેમનો પરિવાર

૪. બ્ર. કોકીલાબેન, શ્રી પ્રવીણાબેન તથા રૂપાબેન ખારા

૫. શ્રી પ્રેમચંદજી ચંપાલાલજી હસ્તે ચંદ્રાબેન

૬. સનાવદવાળા સરલાબેન દગડુ શાહ

૭. સોનગઢ નિવાસી શ્રી નવલચંદ જે. શાહ

૮. ચૂડાવાળા સ્વ. શ્રી કપૂરચંદ સુખલાલ કોઠારી હસ્તે–તારાબેન

૯. શ્રી નિર્મળાબેન અનુપચંદ ઉદાણી હસ્તે અનીલભાઈ

૧૦. શ્રી જયાબેન છબીલદાસ વારીયા હસ્તે પ્રફુલભાઈ તથા રમેશભાઈ, મહુવા

૧૧. શ્રી ભાઈલાલ ઘેલાભાઈ, ચંદ્રકાંત વાડીલાલ, અશ્વિનકુમાર, ધીરજલાલ

૧૨. રાજકોટનિવાસી શ્રી સ્વ. પ્રભુલાલ મોહનલાલ ધીયાનો પરિવાર

૧૩. મહેતા ઇન્ડસ્ટ્રીઝ જામનગર, હસ્તે દોલતરામ માણેકચંદ મહેતા, નવલચંદ ત્રીભોવન મહેતા તથા નર્મદાબેન મોતીલાલ મહેતા

૧૪. જામનગરનિવાસી શ્રી કનુભાઈ પુનાતર

૧૫. સોનગઢનિવાસી અચરતબેન, ગુલાબબેન તથા શાંતાબેન

૧૬. સોનગઢનિવાસી સુંદરબેન તથા સુરેશભાઈ પારેખ

* પૂજ્ય બહેનશ્રીના બહુમાનનું મનોહારી દૃશ્ય નિહાળી મુમુક્ષુઓનાં મસ્તક અહોભાવથી ઝુકી રહ્યાં હતાં, હૃદયમાં અનેક પ્રકારના ઊર્મિતરંગો ઊઠતાં હતાં કે આ દુર્લભ માનવભવમાં કરવાયોગ્ય એક માત્ર આત્મહિતના કાર્ય માટેના પ્રખર પ્રેરણાદાયક પૂજ્ય ગુરુદેવશ્રીના વિરહમાં આપણા આત્મોદ્ધારક આ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના દર્શનનો ન મળે તેટલા આત્મસંબોધનનો અપૂર્વ લાભ લઈ લેવા જેવું છે. કૃપાનાથ પૂજ્ય ગુરુદેવશ્રીના વિરહથી એક તક તો આપણે ગુમાવી છે, હજુ બીજી એક તક આ બહેનશ્રીના દર્શન-શ્રવણની છે, તેનો આપણે પૂરેપૂરો લાભ લઈ લઈએ— ઇત્યાદિ ભક્તિઊર્મિઓથી આબાળગોપાળના હૃદયો છલકી રહ્યાં હતાં.

* પૂજ્ય બહેનશ્રીને વધાવવામાં આવેલાં હીરાની કુલ રકમ રૂપિયા ૯૦ હજાર, તેઓશ્રીના ચરણે ધરવામાં આવેલ રકમ રૂપિયા ૧૧ હજાર એક સો, તથા '૬૮' ના અંકમાં આવેલી રકમ રૂપિયા ૫૦ હજાર—એમ ૬૮ મી જન્મ જયંતીની ખુશાલીમાં આવેલી આ કુલ રકમ રૂપિયા ૧ લાખ ને ૫૦ હજાર દાતારોની નોંધ પ્રમાણે શ્રી દિ. જૈન પંચમેરુ-નંદીશ્વર જિનાલય ખાતે તથા અન્ય વિવિધ ખાતે ઉપયોગ કરવામાં આવશે.

* આ મંગલ પ્રસંગની ખુશાલીમાં બીજના દિવસે શ્રી સવિતાબેન રણછોડદાસ બરવાળા તરફથી સકલ સંઘને સ્વામીવાત્સલ્ય ભોજન આપવામાં આવ્યું હતું.

* આ સુમંગલ-અવસર નિમિત્તે બપોરે ૧ વાગ્યે ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ચરણોમાં શ્રીફળ લઈને પૂજ્ય શાંતાબેન દર્શન કરવા આવ્યા હતા.

## * ગુણ-સ્તુતિ-વકતવ્ય *

બપોરે આત્માર્થી વિદ્વાન ભાઈશ્રી લાલચંદભાઈ મોદીના પ્રવચન બાદ સકલ સમાજ વતી કેટલાક અગ્રગણ્ય મુમુક્ષુઓ દ્વારા ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી પ્રતિ પોતાની શ્રદ્ધાભક્તિ વ્યક્ત કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રત્યે પોતાની શ્રદ્ધા-ભક્તિ વ્યક્ત કરતાં તેઓએ કહ્યું હતું કે :

### * બહેનશ્રીના નિમિત્ત પૂજ્ય ગુરુદેવની વાણી *

....પૂજ્ય ગુરુદેવશ્રી કહેતા હતા કે 'અમારી આ વાણી નીકળે છે એ મુખ્યપણે બહેનશ્રીના નિમિત્તે નીકળે છે.' તેથી જેના નિમિત્તે આપણને પૂજ્ય ગુરુદેવ પાસેથી દેશનાલબ્ધિ મળી છે એ ભગવતી માતાને કોટી કોટી વંદન....પૂજ્ય ગુરુદેવ શ્રી કહેતા હતા કે મને તો મારા વિચારમાં એમ આવે છે કે ભારતમાં જો અવધિજ્ઞાન પ્રગટ થાય એમ હોય તો એ આ (–આ બહેનશ્રી) એક આત્મા છે....

—શ્રી લાલચંદભાઈ મોદી [ રાજકોટ ] ના ભાષણમાંથી

### * આપણે એવું અધિકારીપણું ન કરી બેસીયે *

....પૂજ્ય ગુરુદેવશ્રીની એક ભાવના હતી કે 'કયાંય આ ભરતક્ષેત્રમાં મને મુનિ-રાજના દર્શન થઈ જાય તો હું ધન્ય બની જાઉં,' મને એમ લાગે છે કે જો પૂજ્ય બહેનશ્રીને પુરુષ-પર્યાય હોત તો પૂજ્ય ગુરુદેવનું આ સ્વપ્ન જરૂર સાકાર થાત. આપણને સૌને ભાવલિંગી સંતના દર્શન કરવાનો અપૂર્વ અવસર મળત....સમ્યગ્જ્ઞાનદીપિકામાં અંતરાયકર્મ માટે એક દૃષ્ટાંત આવે છે કે રાજાએ કોઈને દાન દેવા હુકમ કર્યો પરંતુ અધિકારી દાન આપતો નથી. એમ પૂજ્ય ગુરુદેવશ્રી પૂજ્ય બહેનશ્રીની અંતરંગ સ્થિતિ શું છે એ વાત સકલ મુમુક્ષુ સમાજ સમજે તે માટે નિરંતર કહેતા રહેતા હતા અને મુમુક્ષુ સમાજ પણ પૂજ્ય બહેનશ્રીની અંતરંગ-પરિણતિ-વિશેષને સમજવા માટે અતિ ઉત્સુક છે. તેથી અજાણતાં પણ આપણામાંથી કોઈ પણ સમ્યગ્જ્ઞાનદીપિકાના દૃષ્ટાંત મુજબ અધિકારી જેવું કરી ન બેસીયે એવી ભાવના સાથે ધર્મરત્ન ભગવતી માતાને આજના શુભ અવસર પ્રસંગે કોટિ વંદન....

—ડૉ. પ્રવિણભાઈ દોશી ( રાજકોટ )ના ભાષણમાંથી

### * ભારતના ભૂષણ ભગવતી ધર્મમાતા પૂજ્ય બહેનશ્રી *

....૪૬–૪૬ વર્ષોથી હું નિરંતર સોનગઢ આવતો રહ્યો છું અને ત્યારથી સારાયે મુમુક્ષુઓથી વિશેષ પૂજ્ય બહેનશ્રીના સંપર્કમાં રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. બન્ને તીર્થયાત્રાઓમાં સાથે રહેવા ઉપરાંત તેઓએ મને હંમેશા પોતાના પુત્રની માફક

[ અનુસંધાન પાનું ૨૫ ]

# આત્માને ઉપકારક : અતીન્દ્રિય વીતરાગી પરિણતિ
# આત્માને અપકારક : રાગાદિ વિભાવપરિણતિ

[શ્રી ઇષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૭–૩–૬૬]

શ્રી પૂજ્યપાદ સ્વામી ઘણાં વર્ષો પહેલાં થઈ ગયા, તેમણે આ ઇષ્ટોપદેશ રચ્યું છે. તેમાં આ ચોથો શ્લોક ચાલે છે:—

સર્વજ્ઞ તીર્થંકર ભગવાને જે આત્મા જોયો છે તે આ આત્મા તો આનંદ ને શુદ્ધોપયોગ–જ્ઞાનમય છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જ્ઞાન ને આનંદમય આત્મા જોયો છે. શરીર–વાણી–મન તો જડ માટી છે, પુણ્ય–પાપના ભાવ થાય ઈ વિકાર છે, આસ્રવતત્ત્વ છે. ભગવાને જે આત્મા જોયો એ તો શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છે. એ આત્માની જે અંતરદૃષ્ટિ ને ધ્યાન કરે તેને મુક્તિ મળે છે ને એને સ્વર્ગ તો સહેલું છે. જેમ જેને સો ગાવ–સો કોષ ભાર લઈ જવાની તાકાત છે તે ભારવાહકને અડધો ગાવ ભાર લઈ જવો એ તો સહેલું છે. તેમ જેને શુદ્ધ આનંદમૂર્તિ આત્માની દૃષ્ટિ ને ધ્યાન કરતાં શુદ્ધતા–સંવર–નિર્જરા થાય ને મુક્તિ મળે પણ એને મુક્તિ મળ્યા પહેલાં વચ્ચે સ્વર્ગનું સુખ તો મળવું સહેલું છે, કેમ કે આત્માનું ધ્યાન કરતાં જે ગુણ–ગુણીનો વિકલ્પ ઉઠે અથવા તો સર્વજ્ઞદેવ આમ કહે છે, આમ છે—ઇત્યાદિ જે વિકલ્પ ઉઠે એવા વિકલ્પમાં એને પુણ્ય બંધાઈ જાય તેથી તેને સ્વર્ગના સુખ મળે જ.

અનાજ પાકે ને સાથે ખડ ન પાકે એમ બને? એકલું ખડ પાકે ને અનાજ ન પાકે એમ બને ખરું. છપનિયાના દુષ્કાળમાં અનાજ ન પાકયું ને બાંટા પાકયા હતા ને પછીના વર્ષે સુકાળ થવાથી અનાજ પણ ઘણું પાકયું હતું ને ખડ પણ ઘણું પાકયું હતું. તેમ જ્ઞાનાનંદ શુદ્ધ આનંદકંદ પ્રભુ, દુઃખ રહિત ને વિકાર રહિત ભગવાન આત્માની જેને સમ્યગ્દર્શનમાં આત્મભક્તિ થઈ તેને સુકાળ થયો હોવાથી તેને મુક્તિ તો મળે જ ને સાથે વચમાં સ્વર્ગાદિ મળવા તો સહેલાં છે. પરંતુ જેને આત્મભક્તિ થઈ નથી ને એકલા વ્રત–તપાદિ કરે છે તેને દુષ્કાળની જેમ મુક્તિ મળતી નથી પણ સ્વર્ગાદિ મળે ને એમાં સુખ માનીને ચાર ગતિમાં રખડે છે.

ભાઈ! તું તો આત્મા છો ને આત્મા તો જ્ઞાન ને આનંદની મૂર્તિ છે, એની શ્રદ્ધા–ભક્તિ કર્યેથી સંવર થાય, નિર્જરા થાય, મુક્તિ થાય અને એ આત્મભક્તિમાં પહેલાં ગુણી–ગુણીના ભેદનો વિકલ્પ ઉઠે, પરમેશ્વરે આવું તત્ત્વસ્વરૂપ કહ્યું છે—એમ વિકલ્પ ઉઠે

તેમાં પુણ્ય બંધાઈ જાય, કે જે પુણ્યમાં તેને સ્વર્ગ તો સહેજે મળી જાય. પરંતુ એ સ્વર્ગમાં સમ્યગ્દૃષ્ટિ ધર્મી સુખ માનતો નથી.

અરે! કાંઈ ખબર નથી! આ મનુષ્યભવ અનંત કાળે માંડ મળ્યો ને એમાં શું કરવાનું છે એ સમજે નહીં ને એમ ને એમ રાગ-દ્વેષ-કષાય કરીને, હોળી કરીને હાલ્યા જાય અરેરે!

અહીં દાખલો આપીને સમજાવે છે કે જે પોતાનો ભાર બે કોષ સુધી શીઘ્રતાથી આસાનીપૂર્વક લઈ જઈ શકે છે તેને અડધો કોષ સુધી ભાર લઈ જવામાં શું ખેદ થશે? તેમ જ્યાં ભગવાન આત્માના શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્રમાં રમતો હોય—એટલી જેના પુરુષાર્થની તાકાત છે તેને સ્વર્ગનો સાધારણ પુરુષાર્થ અંદર આવી જાય છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિ ભગવાન આત્માને જેણે શુદ્ધોપયોગની પર્યાયમાં પ્રગટ કર્યો તેને વચ્ચે શુભોપયોગરૂપી સાધારણ આચરણ તો વચ્ચે આવ્યા વિના રહેશે નહીં, તેથી તેને વચ્ચે સ્વર્ગાદિ તો સહેજે મળી જવું સ્વાભાવિક છે.

આત્માના શ્રદ્ધા જ્ઞાન કરે, આત્મભક્તિ કરે તે સમ્યગ્દૃષ્ટિ જીવ મરીને સ્વર્ગમાં જ જાય, કેમ કે અત્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ તો છે નહીં. જેણે આત્માનું ભાન કર્યું નથી ને એકલા વ્રત-તપ આદિ ક્રિયાકાંડ કરે છે તે થોડું પુણ્ય બાંધે ને સાધારણ સ્વર્ગમાં જાય પણ તેને ધર્મ થાય નહીં, મુક્તિ થાય નહીં કે સંવર-નિર્જરા થાય નહીં. ચૈતન્યસૂર્ય ભગવાન આત્માની જેણે ભક્તિ કરી ને વિકારની ભક્તિ દૃષ્ટિમાંથી છોડી દીધી છે, શુભભાવ આવે ખરો પણ તેણે શુભભાવની ભક્તિ છોડી દીધી છે એટલે કે તેણે શુભભાવની રુચિ છોડી છે તેને મુક્તિ તો મળે જ ને વચમાં સ્વર્ગાદિ મળવા તો સ્વાભાવિક છે. અજ્ઞાનીને શુભભાવમાં રુચિ છે કે અમે શુભભાવ કરીશું ને સ્વર્ગમાં જઈશું પછી માણસ થઈશું—મોટા શેઠીયા થઈશું ને ભગવાન પાસે જઈશું—તેને આત્માનું ભાન નથી એટલે શુભભાવમાં એવી રુચિ ને મીઠાસને તે વેદે છે. ધર્મી જીવને તો આત્માનું ભાન છે કે અરે! હું આત્મા છું ને! મારો તો જ્ઞાન ને આનંદ સ્વભાવ છે ને! મારો આનંદ ક્યાંય બહારમાં નથી. ભલે પછી તે ગૃહસ્થાશ્રમમાં હો, ૯૬ હજાર રાણીઓ હોય! શ્રી શાંતિનાથ, શ્રી કુંથુનાથ, શ્રી અરનાથ ચક્રવર્તી હતા, તેને ૯૬ હજાર રાણીઓ હતી પણ પરમાં ક્યાંય સુખ માનતા ન હતા. જાણતા કે અરે! આ અસ્થિરતાનો રાગ આવે છે પણ દુઃખ છે!

અહીં તો કહે છે કે આત્માના સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન ને ભક્તિ થઈ છે તેને સ્થિર થવા પહેલાં, ધ્યાનમાં બેસે ત્યારે પહેલાં આ આત્મા છે, શુદ્ધ પૂરણ છે—ઇત્યાદિ જે વિકલ્પ ઉઠે એ શુભરાગ છે ને તે આત્મજ્ઞાનીને સ્વર્ગનું સાધન થાય છે.

ત્યારે શિષ્ય ફરીથી પ્રશ્ન પૂછે છે કે સ્વર્ગમાં જનારને શું ફળ મળે છે? આચાર્ય મહારાજ ઉત્તર આપતાં ગાથા કહે છેઃ—

ઇન્દ્રિય જન્ય નિરામયી, દીર્ઘકાલ તક ભોગ્ય,
ભોગે સુઆણુ સ્વર્ગમાં, સૌખ્ય સુરોને યોગ્ય. ૫.

સ્વર્ગમાં રહેનારા દેવોને સ્વર્ગવાસી દેવો જેવું સુખ હોય છે. એટલે ઇન્દ્રિયજન્ય સુખવાળાને ઇન્દ્રિયજન્ય જેવું જ સુખ હોય છે પણ આત્માના અતીન્દ્રિય સુખ જેવું સુખ દેવોને નથી. મન, રાગ ને ઇન્દ્રિયથી ભિન્ન પાડીને આત્માનું જે સુખ આવે એવું અતીન્દ્રિય સુખ સ્વર્ગમાં નથી. સ્વર્ગમાં જાય તો કેવું સુખ થાય? એનો ઉત્તર આપે છે કે તે સુખ કાંઈ અતીન્દ્રિય સુખ નથી પણ દેવના જેવું દેવને સુખ છે, મનુષ્ય કરતાં તેનું સુખ વધારે હોય છે, બીજી ઉપમા શી અપાય!

સ્વર્ગના દેવોના સુખને શી ઉપમા આપવી? એના જેવું સુખ બીજી ગતિમાં નથી. મનુષ્યમાં નથી. મનુષ્યની અપેક્ષાએ ઇન્દ્રિયના સુખની વાત છે હો! પણ ઈ કાંઈ અતીન્દ્રિય સુખ નથી. ઇન્દ્રિય સુખ જે મનુષ્યપણામાં છે તે કરતાં ઘણું ઇન્દ્રિય સુખ સ્વર્ગના દેવોને છે એ અપેક્ષાએ કહે છે કે દેવના સુખને ઉપમા આપી શકાય નહીં એવું છે. તે ઇન્દ્રિય સુખ નિર્વિઘ્ન છે. શત્રુ આદિના વિઘ્નો ત્યાં નથી ને તે સુખ દીર્ઘકાળ સુધીના—સાગરોપમ સુધીના હોય છે. એક સાગરમાં દશ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય ને એક પલ્યોપમમાં અસંખ્યાતા અબજ વર્ષ જાય. એવા સાગરોપમ કાળનું સુખ સ્વર્ગના દેવોને હોય છે.

મનુષ્યના સુખ કરતાં સ્વર્ગના દેવોની સુખ–સગવડતા વધારે છે એટલું બતાવવું છે. બાકી ત્યાં કાંઈ અમૃત નથી, અમૃત તો આત્મામાં છે. મનુષ્યના સુખ વિઘ્નોવાળા, અલ્પકાલીન છે ને સ્વર્ગના સુખ નિર્વિઘ્ન છે, દીર્ઘકાલીન છે. એ વ્યાખ્યા અપેક્ષાએ સ્વર્ગના સુખ સારા કહ્યાં છે. બાકી સમ્યગ્દષ્ટિ તેને સુખ માનતો નથી. જે આત્માના ભાનપૂર્વક ત્યાં ગયા છે તે તેને સુખ માનતા નથી. અજ્ઞાની તેને સુખ માને છે.

હવે વિશેષ અર્થ કરે છે કે હે વત્સ! આ સ્વર્ગીય સુખ કોને હોય છે?—કે સ્વર્ગમાં રહેનારા દેવોને હોય છે, નહીં કે સ્વર્ગના એકેન્દ્રિય જીવોને. સ્વર્ગમાં ઉપજેલા એકેન્દ્રિય જીવોને સુખ હોતું નથી. સ્વર્ગના દેવોને ઇચ્છા થાય ત્યારે વિષયોને અનુભવ કરનાર સ્પર્શાદિ સારાયે અંગથી તેને હરખ થાય છે. સમ્યગ્દષ્ટિને રાગ બાકી રહેવાથી સ્વર્ગમાં જાય છે તેને ત્યાં આવું સુખ હોય છે. મનુષ્યમાં એક એક ઇન્દ્રિયનું થોડું સુખ લાગે છે ને સ્વર્ગમાં પાંચેન્દ્રિયનું સર્વાંગીય સુખ દેખાય છે. બાકી તો પરમાત્મા પોતે પરમેશ્વર પ્રભુ અતીન્દ્રિય આનંદનો કંદ બિરાજી રહ્યો છે તેમાં અંતર એકાગ્રતાથી જે આનંદ આવે એવો આનંદ ત્રણકાળમાં બીજે ક્યાંય નથી.

મનુષ્યને તો પાંચ–પચ્ચીશ કરોડ થાય ત્યાં ક્યાં રાખવા? કેમ સાચવવા? ઇત્યાદિ ઉપાધિ હોય છે. મોટા રાજાદિના સુખ હોય તોપણ તેને કેટલાય વિઘ્નો આવે છે. સ્વર્ગના સુખ નિર્વિઘ્ન હોય છે. મનુષ્યના રાજ્ય આદિના સુખમાં તો કોઈ રાજાને મારી નાખે,

ગાદીએથી ઉઠાડી મૂકે, શરીરમાં કેટલાય રોગ હોય, જ્યારે સ્વર્ગના સુખમાં આવી પ્રતિકૂળતા હોતી નથી.

વળી એ સુખ દેવકુરુ ને ઉત્તરકુરુના જુગલિયા જીવો-ભોગભૂમિના જીવોની જેમ અલ્પકાળના હોતા નથી. સ્વર્ગમાં તો સાગરોપમ કાળના સુખ હોય છે. આત્માના ધ્યાન-પૂર્વક સમ્યગ્દષ્ટિને શુભભાવના ફળમાં સ્વર્ગનું આવું સુખ હોય છે અને અજ્ઞાનીને પણ આત્માના ભાન વિના શુભભાવના ફળમાં સ્વર્ગનું સુખ હોય છે પરંતુ અજ્ઞાની તે સુખ ભોગવીને મરીને એકેન્દ્રિય આદિમાં જતો રહે છે ને સમ્યગ્દષ્ટિ ત્યાંથી મરીને મનુષ્ય થઈને મોક્ષે જાય છે.

આત્માના જ્ઞાન ધ્યાન ને અનુભવપૂર્વક જે શુભભાવથી સ્વર્ગમાં ગયા તેને આજ્ઞામાં રહેનારા હજારો દેવદેવીઓની સેવાઓ દ્વારા એક પછી એક વધતા જતા સુખ હોય છે. એ સુખની ઉપમા આપીને બીજા સાથે સરખાવીને—મનુષ્યના સુખ સાથે સરખાવીને કહી શકાતું નથી. આત્માનું ધ્યાન કર્યું છે, આત્મજ્ઞાનમાં આનંદ માન્યો છે તેને હજુ શુભ રાગ બાકી રહી જાય ને પુણ્ય બાંધે તેની આ વાત ચાલે છે. સ્વર્ગના દેવોનું સુખ સ્વર્ગના દેવોના જેવું હોય છે.

ત્યારે શિષ્યે તેમાંથી શંકા ઉપાડી કે આટલું બધું સુખ સ્વર્ગમાં છે, ત્યાંના સુખની આટલી બધી વ્યાખ્યા કરી તો આત્માની ભક્તિ કરીને શું કામ છે? આવું સુખ મળે તો બસ છે. કેવળ મોક્ષમાં જ સુખ છે એમ નથી, સ્વર્ગમાં પણ આવું સુખ છે તો પછી 'મને મોક્ષની પ્રાપ્તિ થાઓ'—એનું શું કામ છે? તેના ઉત્તરરૂપે આચાર્યદેવ કહે છે કેઃ—

અરે શિષ્ય! તું સાંભળ! સંસાર સંબંધી જેટલા પુણ્યના સ્વર્ગના સુખ વર્ણવ્યા તે સુખ નથી. પરમાં સુખ-દુઃખ માનવું એ તારી ભ્રાંતિ છે. મનુષ્ય કરતાં બીજા પ્રકારનું સુખ વચમાં આવે છે. સમ્યગ્દષ્ટિને સ્વર્ગમાં એવું સુખ હોય છે એટલું બતાવ્યું છે. પણ ત્યાં સુખ છે એવી માન્યતા તો બહિરાત્મા મિથ્યાદષ્ટિની હોય છે. શુભોપયોગમાં જે સુખ મળે તેને સાચું સુખ માને એ ભ્રાંતિ તો મિથ્યાદષ્ટિની છે. મનુષ્ય કરતાં સ્વર્ગમાં સુખ છે ને! —એવો આગ્રહ કરવાવાળો સંસારસુખ-દુઃખ સંબંધી ભ્રાંતિવાળો છે એ વાતને બતાવવા આચાર્યદેવ શ્લોક કહે છે :—

**સુખ-દુઃખ સંસારીના, વાસનાજન્ય તું માન,**
**આ પદમાં દુઃખકાર તે, ભોગો રોગ સમાન. ૬.**

આ દેહ-માટીના ધરનાર જીવોને જે આ સુખ-દુઃખ થાય છે તે કેવળ કલ્પના ને વાસનાજન્ય સંસ્કાર છે. સમ્યગ્દષ્ટિ તો આત્મામાં જ આનંદ માને છે. સ્વર્ગમાં હોય તોપણ આત્મામાં જ આનંદ માને છે. ભગવાન ઋષભદેવના પુત્ર ભરતચક્રવર્તી એમ જાણતા ને માનતા કે અમારું સુખ અહીં અમારા આત્મામાં છે, રાણીઓમાં, રાજ્યોમાં,

આબરૂ કે કીર્તિમાં અમારું સુખ નથી.—એમ સમ્યગ્દષ્ટિ આત્માનું સુખ આત્મામાં માને છે. અજ્ઞાની બાહ્ય વિષયના સુખને ભ્રાંતિથી ભ્રમણાથી સુખ માને છે.

કેવળ કલ્પનાજન્ય વાસનાના સંસ્કારથી અજ્ઞાની બાહ્ય વિષયના સુખમાં સુખ માને છે. કેવળ....કેવળ....કેવળ એટલે કે ત્યાં સુખ નથી પણ કેવળ કલ્પનાથી અજ્ઞાની માને છે. એ તો માત્ર એની કલ્પના છે. પ્રભુ! આત્મા તો અતીન્દ્રિય આનંદનો પિંડ છે. તેને છોડી અજ્ઞાની વિષયના, સ્વર્ગના, ચક્રવર્તીના, મનુષ્યના સુખમાં કેવળ વાસના ગંધથી-કલ્પનાથી-વાસનાના સંસ્કારથી સુખ માને છે.

જેને લોકમાં સુખ પેદા કરનારા જાણવામાં આવે છે એવી સુંદર સ્ત્રી, લક્ષ્મી, મકાન, આબરૂ, ખાવા-પીવાની ઉત્તમ વસ્તુ હોય છતાં જો અંદરમાં કાંઈ ચિંતા હોય તો, દુર્નિવાર શત્રુ આદિ આવી પડે તો કે આકરો રોગ થાય તો, તે ઉદ્વેગ કરે છે. બહારમાં લાખ રૂપિયાની મોટરમાં બેઠો દેખાય ને અંદરમાં ચિંતાથી સળગતો હોય. બહારમાં અનુકૂળતા દેખાય છતાં કોઈ આકરી ચિંતા આવી પડે કે કેન્સર આદિ થાય ત્યારે એ બધા ભોગો રોગોની જેમ ઉદ્વેગ કરે છે. સ્વર્ગના દેવને પણ આયુષ્ય પૂરું થવાને છ-માહના અગાઉ ગળાની માળા કરમાવા લાગે ત્યાં હાય હાય! હવે? જઈશ કયાં?—કે ઢોરમાં....અરર! આ ગધેડીની કૂંખે? આ ગધેડીના પેટે નવ મહિના રહેવું પડશે? આ કરતાં તો એકેન્દ્રિય થવું સારું—એમ આર્ત્તધ્યાન કરતો કરતો મરીને પછી એકેન્દ્રિયમાં જાય. પૃથ્વીમાં હીરાદિમાં જાય, પાણીમાં સુગંધી પાણીમાં જાય, વનસ્પતિમાં ફળફૂલમાં જાય, આહાહા!

બાપુ! આત્મામાં આનંદ છે, બીજે કયાંય આનંદ છે નહીં. શુભભાવ કર્યા હોય તોપણ સ્વર્ગમાં આનંદ કયાંય છે નહીં-એમ સિદ્ધ કરે છે. બહારની અગવડતા જરીક ઓછી થાય ત્યાં તો રાડે રાડ પાડે ને જરાક સગવડતા આવે ત્યાં તો ફુલી જાય. પણ બાપુ! એમાં છે શું? સનેપાત થયો છે સનેપાત! ભાઈ સુખ તો આત્મામાં છે બાપુ! સમકિતીને શુભભાવના ફળમાં સ્વર્ગ મળે પણ તેમાં તે સુખ માનતો નથી. અજ્ઞાનીને તો હાય...હાય....શરીર સારાં હતા ત્યારે આ કર્યું નહીં ને તે કર્યું નહીં ને હવે....એમ ચિંતા ચિંતા કરીને મરીને હાલ્યો જાય નરકમાં ને નિગોદમાં...

પૈસામાં, મનુષ્યમાં, ચક્રવર્તીમાં, સ્વર્ગમાં-બધેય જે કાંઈ ઇન્દ્રિયજન્ય સુખ-દુઃખ છે તે વાસના માત્ર છે. શરીરમાં રોગ આવ્યો તે કાંઈ દુઃખ નથી પણ વાસનામાત્ર કલ્પના છે, તારી માન્યતામાં દુઃખ છે. રોગ કે પ્રતિકૂળતામાં દુઃખ નથી પણ તારી માન્યતામાં દુઃખ છે. અનુકૂળતા આવે ત્યાં આ સુખ છે એમ તેં માન્યતામાં માન્યું છે, સુખ છે નહીં. શરીર, સ્ત્રી, કુટુંબ, મકાન, પૈસા—એ બધાય નથી જીવને ઉપકારક કે નથી અપકારક. દેહાદિ બાહ્ય પદાર્થ આત્માને નુકશાન કરનારા પણ નથી ને લાભદાયક પણ નથી. શરીરમાં રોગ આવે એ કાંઈ આત્માને નુકશાનકર્તા નથી અને શરીરમાં નિરોગતા એ તને કાંઈ

લાભદાયક નથી. પાંચ-પચ્ચીશ લાખ રૂપિયા મળે તે આત્માને ઉપકારક નથી ને નિર્ધનતા હોય તે આત્માને અપકારક નથી. સારા છોકરા થાય એ આત્માને લાભ કે નુકશાનકારક નથી. શત્રુ પાકે તો આત્માને નુકશાનકારક નથી કેમ કે પરદ્રવ્ય આત્માને નુકશાનકારક પણ નથી ને લાભદાયક પણ નથી. અજ્ઞાનીએ ખોટી ભ્રમણા ઊભી કરી છે.

વિષ્ટાના ભમરાને ફૂલનો ભમરો ફૂલમાં સાથે લઈ ગયો ને પૂછ્યું કે એલા અહીં કેવી સરસ સુગંધ આવે છે? ત્યારે ઈ કહે કે મને તો એવી ને એવી ગંધ લાગે છે! ફૂલનો ભમરો વિચારવા લાગ્યો કે આ શું? પેલા ભમરાના નાકમાં જોયું તો વિષ્ટાની નાની નાની ગોળી નાકમાં રાખીને આવ્યો હતો એટલે ગુલાબ પર બેઠેલો તોપણ ગંધ તો વિષ્ટાની જ આવે ને! તેમ ભ્રમણા રાખીને જોવે છે એટલે એને ખબર પડતી નથી. પરપદાર્થને અપકારક-ઉપકારક માનનારી ભ્રમણા છે, એ ભ્રમણાની ગોળી એણે ખાધી છે. પરંતુ પરપદાર્થ અપકારક કે ઉપકારક છે નહીં. આત્માનો આનંદ તે આત્માને ઉપકારક છે ને રાગાદિ છે તે આત્માને અપકારક છે. એ સિવાય કોઈ પરપદાર્થ આત્માને ઉપકારક કે અપકારક છે નહીં.-એમ એણે શ્રદ્ધા કરીને આત્માનું જ્ઞાન કરવું. વિશેષ કહેવાશે.

(-ક્રમશઃ)

---

[ સૂચનાઃ—શુદ્ધાત્મ-અવલોકન....પેઈજ ૧૦ ના અનુસંધાન માટે જુઓ પેઈજ ૨૧ ]

## એકવાર તો તારા આત્માની દયા કર!

કુંદકુંદઆચાર્યદેવ અષ્ટપાહુડ ગ્રંથમાં કહે છે કે હે જીવ! તેં ભૂતકાળમાં એટલી માતાઓને તારા મૃત્યુ પાછળ રડાવી છે કે તારી એક એક ભવની એ માતાઓના આંસુઓને ભેગા કરતાં સમુદ્રો ભરાય. આવા અનંત ભૂતકાળ કરતાં પણ તારો ભવિષ્યકાળ અનંતગુણો મોટો છે, જો તારા આત્માની સંભાળ ન કરી અને દેહ, ધન પરિવારમાં જ આ અમૂલ્ય મનુષ્ય ભવને વેડફી નાખીશ તો તારો ભવિષ્યકાળ પણ ભૂતકાળની માફક અનંત દુઃખમાં જ વ્યતીત થશે. કાળની આ અનંતતાનો ગંભીરતાથી વિચાર કરીને, ભૂતકાળના દુઃખોને યાદ કરીને ભવિષ્યમાં તેવા દુઃખો ન ભોગવવા પડે તે માટે હવે તો જાગૃત થા! એકવાર તો તારા આત્માની દયા કર!

[ શુદ્ધાત્મ અવલોકન....પાનું ૧૦ થી ચાલુ ]

છે. લોકોને થોડો ખ્યાલ પણ આવી જાય કે આનામાં કાંઈક જ્ઞાન છે એવી મીઠાશ તે ભાવકનો ભાવ છે. બીજા લોકો થોડા ઉપવાસાદિ કરે તો હું ઘણા કરું, બીજા થોડું દાન કરે તો હું ઘણું દાન કરું, બીજા બે ચાર મંદિરો બનાવે તો હું દસ વીસ બનાવું—એવી રાગની મંદતામાં હોડ ચાલતી હોય તો તે પણ ભાવકનો ભાવ છે તેમાં કાંઈ આત્માનું કલ્યાણ નથી.

પહેલામાં જ્ઞેય બતાવી વ્યક્ત કહ્યું, અને હવે વ્યક્તથી અવ્યક્ત બતાવે છે. ખરેખર આત્મા જ્ઞાયક છે તો રાગની મંદતા પરજ્ઞેય છે, સ્વજ્ઞેય નથી. સ્વજ્ઞેય તો જ્ઞાયક જ છે. કેટલાક લોકો અત્યારે કહેવા લાગ્યા છે કે ઉપધાન વગેરે ક્રિયાકાંડની જે હોડાહોડી ચાલે છે તેમાં આત્માનું જ્ઞાન–આત્મજ્ઞાન–નથી પણ સાથે સાથે પાછું કહે કે ચિત્શુદ્ધિ કરવી અને તેનાથી પછી અનુભૂતિ થાય છે. પણ અહીં તો કહે છે કે અનંતવાર ચિતશુદ્ધિ કરી, શુક્લલેશ્યા કરી, અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો—અત્યારે એવી શુક્લલેશ્યા જ નથી—પણ એવી શુક્લલેશ્યાથી પણ આત્માની પ્રાપ્તિ થઈ નથી કારણ કે આત્મપ્રભુ અલેશી, અવ્યક્ત, શુદ્ધ ચૈતન્યઘન છે તે તો પોતાના સ્વભાવથી જ પ્રાપ્ત થાય છે.

કષાયોનો સમૂહ ભાવકભાવ વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે. આત્માથી ભાવકભાવ વ્યક્ત છે, બાહ્ય છે અને ભગવાન આત્મા તેનાથી બાહ્ય છે એટલે કે ભિન્ન છે. કષાયના ભાવ–ભાવકભાવ–અજીવ ભાવક એ બધા અજીવ છે અને ભગવાન તેનાથી ભિન્ન અંદર છે જેને અહીં ભાવકની–વ્યક્તની અપેક્ષાથી અવ્યક્ત કહ્યો છે. અવ્યક્તનો અર્થ તો એ છે કે વ્યક્તથી બાહ્ય-ભિન્ન છે એ અપેક્ષાએ અવ્યક્ત કહ્યો છે પણ વસ્તુ છે તો અંદર વ્યક્ત–પ્રગટ જ છે.

અતીન્દ્રિય આનંદકંદ પ્રભુ, અનંત અતીન્દ્રિય આનંદ, જ્ઞાન, સ્વચ્છતા, પ્રભુતા એવી એક એક શક્તિમાં અનંત શક્તિનું રૂપ અને બીજી એવી અનંત શક્તિના અનંતરૂપનો પિંડ પ્રભુ એ શુભભાવ–ભાવકભાવથી તદ્દન ભિન્ન છે—અવ્યક્ત છે, તે એક જ સમ્યગ્દૃષ્ટિને–ધર્મીને ઉપાદેય છે. એક ચૈતન્યસ્વરૂપમાં કોઈ બગાડ નથી, એકલો ચૈતન્યસ્વરૂપ જે અજીવ કર્મ અચેતન છે તેનું લક્ષ–સંગ કરે છે તો બગાડ ઉત્પન્ન થાય છે. શ્રી અમૃતચંદ્રાચાર્યે થોડા શબ્દોમાં ઘણું સમાડી દીધું છે. જ્ઞેય કહીને વ્યક્ત કહ્યું હતું પણ તે સામાન્યરૂપે કહ્યું હતું પણ એટલામાં કોઈ સ્પષ્ટ સમજી ન શકે તો આ બોલમાં ખુલ્લું કર્યું કે જેટલા શુભ–અશુભભાવ છે તે ભાવકના ભાવ છે, કર્મનો ભાવ છે, અજીવનો ભાવ છે, જીવનો ભાવ નથી. આ અજીવનો અધિકાર ચાલે છે. વ્યવહારરત્નત્રય, દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ એ બધું અજીવમાં લઈ લીધું છે! અજીવમાં કેમ લઈ લીધું છે?—કે ભગવાન તો ચૈતન્ય ને આનંદસ્વરૂપ છે અને તેનો અંશ વ્યવહારરત્નત્રયમાં આવ્યો નહીં. અહીં

તો ચૈતન્ય ને આનંદ તે આત્મા છે, ચેતનમાં ચૈતન્ય ને આનંદ છે અને અજીવમાં આનંદ ને જ્ઞાન નથી એ અપેક્ષાથી તેને અજીવ કહીને, વ્યક્ત કહીને, ભિન્ન કહીને તેનાથી આત્માને ભિન્ન બતાવ્યો છે.

આવો ઉપદેશ કેટલાકને આકરો લાગે છે, ધમાધમ ચાલતી હોય, અપવાસ કરો, ઉપધાન કરો, દાન કરો, મંદિર બંધાવો, રથયાત્રા કાઢો, ગજરથ કાઢો—એવો ઉપદેશ ચાલે ત્યાં મજા આવે છે, પણ ગજરથ તો ભગવાન આત્મા છે. શ્રી સમયસાર નિર્જરા અધિકારમાં "વિદ્યારથારૂઢ" આવે છે. વિદ્યા એટલે ત્રિકાળી વિદ્યમાન ચીજ, તેમાં આરૂઢ થવું તે વિદ્યારથારૂઢ છે, ગજરથ છે, રાગમાં આરૂઢ થવું તે તો પામરતા છે, દુઃખ છે, અજીવ છે, સ્થૂળ છે. તેનાથી જીવ અન્ય છે તેથી અવ્યક્ત છે.

ભાવકનો ભાવ વ્યક્ત છે તેનાથી અવ્યક્ત ભિન્ન છે એમ જાણ. જાણ એમ ભગવાન કુંદકુંદાચાર્ય આદેશ કરે છે. ભાવકનો ભાવ જે શુભભાવ હોય—આમાં અશુભની તો વાત જ ક્યાં છે? —તેનાથી પણ ભિન્ન ભગવાન આત્મા અવ્યક્ત છે તેને જાણ. આજ દિન સુધી તેં તેને જાણ્યો નથી. અહીં ભાવક-રાગ-વ્યવહારને જાણ એમ પણ લીધું નથી, એ પહેલાં સાધારણપણે આવી ગયું છે. એ અજીવમાં આવી ગયું છે અને તેને જાણ એમ અહીં નથી કહેવું પણ અવ્યક્તને જાણ એમ અહીં કહેવું છે. પહેલી વાત જે જ્ઞેય-જ્ઞાયકની આવી તેમાં જ્ઞેય ને વ્યક્તની વાત આવી ગઈ, અહીં તો આ ભાવથી ભિન્નને જાણ એમ કહે છે. ભાવને જાણ—એમ નથી કહેવું. એ શુદ્ધ ચૈતન્યવસ્તુ ભાવકના ભાવથી ભિન્ન છે તેને જ જાણ, અને તેને જાણવામાં તારી પર્યાયમાં તેનુંય જ્ઞાન થશે અને તારા સામર્થ્યથી રાગનું જાણવું નથી, પણ તારા સામર્થ્યથી રાગ સંબંધીનું જ્ઞાન તારા જ્ઞાન થવામાં રાગ સંબંધી જ્ઞાન ઉત્પન્ન થશે.

## બોલ ત્રીજો

### ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે માટે અવ્યક્ત છે.

ચિત્સામાન્યમાં ચૈતન્યની અનંત સમસ્ત પર્યાયો-વિશેષો—એક વર્તમાન પર્યાયને છોડીને-બધી અંતર્ભૂત છે. પહેલા ભાવકના ભાવને કાઢી નાખ્યો; અહીં તો એની પર્યાય ભૂતકાળમાં જે મલિન ને નિર્મળ પર્યાય થઈ, ભવિષ્યમાં નિર્મળ થશે તે બધી પર્યાયો અંતર્ભૂત છે. સામાન્યસ્વરૂપ જે ભગવાન આત્મા એકરૂપ છે તેમાં નિર્મળ પર્યાય પણ અંતર્નિમગ્ન છે. કેટલાકને મલિન પર્યાયનો અંત થઈને નિર્મળ થઈ, અને કેટલાકને ભવિષ્યમાં નિર્મળ થશે તે બધી સામાન્ય ચેતનમાં નિમગ્ન છે, ભિન્ન નથી.

કેટલાકને આ ઉપદેશ સમજમાં આવતો નથી, શું કરવું તે તો આમાં કાંઈ આવતું નથી તો કહે છે કે અંદર મહાપ્રભુ પડયો છે તે બાજુમાં લીન થા, તેની સન્મુખ થા, તેનો આશ્રય લે, એ ભગવાન પૂર્ણાનંદના નાથનું શરણ લે. ઉત્તમમાં ઉત્તમ પદાર્થ હોય તો તે સામાન્ય ચૈતન્યપ્રભુ છે. તીર્થંકર ભગવાન કરતાં પણ તારો સામાન્ય આત્મા સર્વોત્કૃષ્ટ ઉત્તમ છે.–આવો ઉપદેશ લોકોને સાંભળવો, સમજવો કઠણ લાગે છે પણ ભાગ્યશાળી જીવો સાંભળવાની લાયકાતવાળા થયા છે, કયાંય દૂર દેશાવરમાં પણ સાંભળવાવાળા થયા છે. પ્રભુ! એકવાર આ વાત તો સાંભળ! આવો અવસર ક્યારે મળશે!

ચિત્સામાન્યમાં, ધ્રુવમાં, નિત્યમાં, એકરૂપ ત્રિકાળી સ્વભાવમાં જેટલી પર્યાયો થઈ ગઈ ને હવે થવાની છે—એ બધી અંતરમાં શક્તિરૂપે નિમગ્ન છે. વિકારી પર્યાય જે અંદર જાય છે ત્યાં વિકાર અંદર જતો નથી પણ યોગ્યતા રહે છે. વિકારી પર્યાય જે જાય છે ત્યાં વિકાર તો ઉદયભાવ છે અને તેને તો ભાવકભાવમાં કાઢી નાખ્યો, અહીં ઉદયભાવ તો ગયો પણ ઉપશમ ને ક્ષયોપશમભાવની વર્તમાન પર્યાય સિવાયની જેટલી નિર્મળ પર્યાય છે તે ચિત્સામાન્યમાં અંતરમાં શક્તિરૂપે છે, પર્યાયરૂપે નહિ, ઉપશમ ને ક્ષયોપશમની પર્યાય પણ અંદર જઈને પરિણામિકભાવરૂપ થઈ જાય છે, અંતરમાં ઉપશમ કે ક્ષયોપશમભાવ રહેતો નથી. આહાહા! આવો વીતરાગ માર્ગ તો અલૌકિક છે અને એ કાંઈ દુનિયાને દેખાડવા માટેનો નથી પણ પોતાને જોવા માટે છે.

પ્રથમ વાત એ છે કે વિકલ્પથી તો પ્રથમ આવો નિર્ણય કરવો પડશે કે માર્ગ તો આ જ છે, પછી વિકલ્પ તોડીને અનુભવ થાય છે, પણ પહેલાં વિકલ્પથી પણ નિર્ણય કરવાનું જેને ઠેકાણું નથી તેને વિકલ્પ તોડીને અનુભૂતિ ક્યાંથી થશે? પર્યાયમાં રાગના વિકલ્પસહિત જ્ઞાનમાં યથાર્થ શું છે એનો પ્રથમ નિર્ણય તો કર. સ્વરૂપ તરફ ઢળવાથી જ સમ્યગ્દર્શન થાય છે, પર્યાયના લક્ષથી પણ સમ્યગ્દર્શન થતું નથી, તો વિકલ્પના લક્ષથી કે વિકલ્પથી સમ્યગ્દર્શન થાય–એ વાત છે જ નહીં. એમ કહી અહીં પર્યાયનો નિષેધ કર્યો છે, એમ પહેલાં નિર્ધાર કરવો જોઈએ. ભલે વિકલ્પ હો પણ માર્ગ તો આ જ છે કે જેટલી વ્યક્તિઓ—પર્યાયો—છે તે બધી અંતર્મગ્ન છે, પારિણામિકભાવ–સ્વભાવભાવ છે, પર્યાયના આશ્રયની જરૂર નથી કેમકે પર્યાયો અંતર્મગ્ન છે, અને જે પર્યાય નિર્ણય કરે છે તે તો બાહ્ય છે.

जाण अव्वत्तं जीवम्–એમ જાણ કહ્યું છે. ભગવાન તું જીવ છો ને તો જે નિર્મળ પર્યાય છે તે અંતર્મગ્ન છે એવા જીવને તું વર્તમાનમાં જાણ. અનિત્યથી નિત્યનો નિર્ણય થાય છે, નિત્યથી નિત્યનો નિર્ણય થતો નથી. નિત્ય તો ધ્રુવ છે, સામાન્ય તો ધ્રુવ છે અને સામાન્ય ધ્રુવમાં ભૂત-ભવિષ્યની પર્યાયો અંતર્મગ્ન છે તે ધ્રુવમાં ગઈ. વર્તમાનમાં જે પર્યાય છે તે વ્યક્ત છે અને તે અંતર્મગ્ન નથી. જે પર્યાયમાં–વર્તમાન પર્યાય સિવાય પહેલી

પર્યાયમાં ષટ્દ્રવ્યનું જ્ઞાન હતું તે પર્યાય પણ અંતર્મગ્ન થઈ છે. સાધકને જે જ્ઞાનની વર્તમાન પર્યાય છે, તે સાધકને કહે છે કે તું જાણ. તારી ભૂત-ભવિષ્યની પર્યાયમાં ભૂતની પર્યાય પણ એક સમયમાં શ્રુતજ્ઞાનથી છ દ્રવ્યને જાણવાની તાકાતવાળી પર્યાય હતી; તે પર્યાય તો અંતર્મગ્ન થઈ ગઈ અને વર્તમાન સિવાય પછીની કેવળજ્ઞાનની પર્યાય પણ સ્વદ્રવ્ય-પરદ્રવ્યને જાણે છે પણ તે પર્યાય સામાન્યમાં અંતર્મગ્ન છે. પર્યાયમાં વર્તમાન ન હોય, ધ્રુવમાં તેનો પરમપારિણામિક સ્વભાવભાવ થઈ જાય તેને અંતર્મગ્ન કહેવાય છે. અહીં સમસ્ત વ્યક્તિઓ કહી છે કોઈ બાકી નથી તેથી તેમાં કેવળજ્ઞાન આદિ-અનંત આવશે, સાદિ-અનંત રહેશે તે પર્યાય પણ વર્તમાનમાં તો અંતર્મગ્ન છે. અનંત સિદ્ધભગવંતો, અનંત કેવળી ભગવંતોના જે દ્રવ્ય છે તેમનું બધાનું જ્ઞાન તે સંબંધી પોતાનું જ્ઞાન પર્યાયમાં આવી ગયું, તે જ્ઞાનની પર્યાય પણ વર્તમાન સિવાય અંતર્મગ્ન થઈ ગઈ છે. કેવળજ્ઞાન જે સાદિ-અનંત થશે તે પર્યાય પણ અંદર સામાન્યરૂપ છે, કેવળજ્ઞાન તો ક્ષાયિકભાવ છે, ને સામાન્યભાવ છે તે ધ્રુવ પરમપારિણામિકભાવ છે.—આવી ચીજને અવ્યક્ત કહેવામાં આવે છે અને એ જ ઉપાદેય છે. પર્યાયમાં જાણ કહેતા એ પર્યાયમાં આ જ ઉપાદેય છે. —એમ કહેવું છે.... [ક્રમશઃ]

[ ૯૮મો જન્મજયંતી-મહોત્સવ....પાનું ૨૯ થી ચાલુ ]

વદ ૧૦ ના રોજ તેઓશ્રીએ નિજ આત્માના દર્શન કર્યા, અનુભૂતિ પ્રાપ્ત કરી, સિદ્ધ ભગવાનના સુખનો સ્વાદ માણ્યો.... પૂજ્ય બહેનશ્રીની જાતિસ્મરની વિભૂતિ બહુત અદ્‌ભુત છે. પૂજ્ય ગુરુદેવશ્રી તીર્થંકરનું દ્રવ્ય છે એમ સીમંધર ભગવાનની વાણીમાં પોતે સાંભળેલું ઈત્યાદિ પૂજ્ય ગુરુદેવનો યથાર્થ મહિમા પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણ જ્ઞાનને આભારી છે. મહિમાવંત પુરાણ પુરુષ ભવિષ્યના સૂર્યકીર્તિ તીર્થંકરનો મહિમા સમજાવવા બદલ સકલ મુમુક્ષુ સમાજ ઉપર પૂજ્ય બહેનશ્રીનો અત્યંત ઉપકાર છે.... [ પૂજ્ય બહેનશ્રી વિશેના પૂજ્ય ગુરુદેવશ્રીના ઉદ્‌ગારોને લીપિબદ્ધ કરતાં ગુજરાતી આત્મધર્મ અંક નં. ૪૫૪ માંથી કેટલાક અવતરણો હિન્દી મુમુક્ષુ સમાજની જિજ્ઞાસા સંતોષવા હિન્દીમાં વાંચી સંભળાવ્યા હતા. ] —બ્ર. ચંદુભાઈ ઝોબાળિયા ( સોનગઢ )ના ભાષણમાંથી

તદુપરાંત શ્રી હીરાલાલજી કાલા, શ્રી કાંતિલાલ હરિલાલ શાહ, શ્રી સતીષભાઈ, શ્રી પરમાત્મપ્રકાશ વિગેરેએ પોત-પોતાની ભાવાત્મક શૈલી દ્વારા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રતિ પોતાના શ્રદ્ધા-ભક્તિ વક્તવ્યો રજૂ કર્યા હતા.

આ રીતે ભક્તહૃદયોના માનસપટ ઉપર આહ્‌લાદકારી સ્મરણો અંક્તિ કરતો '૯૮' મો જન્મ જયંતી મહોત્સવ ભક્તિભાવે પૂર્ણતાને પામ્યો હતો.

[ પ્રશમમૂર્તિ ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન.... પાનું ૧૪ થી ચાલુ ]

સમજ્યા છે ને પ્રેમ તથા વાત્સલ્યભાવ મળ્યો છે. બહેનશ્રીનો મારા ઉપર અત્યંત ઉપકાર છે, એ તો ધર્મમાતા છે. તેમનાથી વિશેષ પવિત્ર આત્મા આજે કોઈ નથી, વૈરાગ્યમય આત્મા કોઈ નથી. માત્ર સોનગઢના જ નહિ બલ્કે સારાયે ભારતભરના તેઓ ભૂષણ છે. આજ સોનગઢ તેમના થકી શોભાયમાન છે. પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિ હોવા છતાં આજે સોનગઢ જેવું દેખાય રહ્યું છે એ પૂજ્ય બહેનશ્રીના પ્રતાપે છે. મારી તો આંતરિક ભાવના છે, ઘણી ઘણી ભાવના છે કે પૂજ્ય બહેનશ્રી આપણી વચ્ચે ચિરકાળ સુધી રહે અને તેમની પવિત્ર છાયા આપણને મળતી રહે એ જ ભાવના....

—શ્રી નેમીચંદજી પાટણી ( આગ્રા ) ના ભાષણમાંથી

## ❀ આપણે પણ સાથેસાથ સિદ્ધ-મંડળીમાં પહોંચી જઈએ ❀

....પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં આજે આપણે પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીનો ૬૮ મો જન્મજયંતી મહોત્સવ મનાવી રહ્યા છીએ. તેઓ છે પ્રશમમૂર્તિ, તેઓના અંતરમાં હોય છે નિરંતર આત્મસ્ફૂર્તિ, તેનાથી તેમને થાય છે સહજાનંદ નિજાનંદની પૂર્તિ અને એના ફળસ્વરૂપે તેમને મળશે સર્વોત્કૃષ્ટ શુદ્ધિ અને જ્યાં છે સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં છે સર્વોત્કૃષ્ટ સિદ્ધિ. એવી સિદ્ધિ જેમને અલ્પકાળમાં પ્રાપ્ત થનાર છે એમનો આજ જન્મમહોત્સવ મનાવી રહ્યા છીએ....સૂર્યકીર્તિ તીર્થંકરના સમવસરણમાં તેઓ બિરાજમાન હોય ત્યારે આપણે પણ એ ધર્મસભામાં ઉપસ્થિત હોઈએ અને તેઓ જ્યારે સિદ્ધ મંડળીમાં જાય ત્યારે આપણે પણ તેઓની સાથે સિદ્ધ-મંડળીમાં જઈએ —એ જ તેઓશ્રીને અભિનંદન છે....

—શ્રી ખીમચંદભાઈ જે. શેઠ ( સોનગઢ ) ના ભાષણમાંથી

## ❀ ભારતવર્ષકી અદ્‌ભુત સમ્પત્તિ : મહિલારત્ન : પૂજ્ય બહેનશ્રી ❀

....ખરેખર સ્વયં પૂજ્ય ગુરુદેવશ્રીના અંતઃકરણમાંથી જેમના મહિમાના ગાણા લાખો વાર ગવાયા હોય એ પૂજ્ય બહેનશ્રી ભારતવર્ષની અદ્‌ભુત સમ્પત્તિ હોવી જોઈએ ....પૂજ્ય ગુરુદેવશ્રી પછી આપણો સહારો એક માત્ર બહેનશ્રી છે....મને લાગે છે કે ૨૦૦૦ વર્ષ જૂનો ઇતિહાસ વર્તમાનમાં બોલવા લાગ્યો છે—૨૦૦૦ વર્ષ પહેલાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં બિરાજતાં ભગવાન શ્રી સીમંધરસ્વામીના દર્શન કરવા પધારેલાં એ દિગંબર જૈનના ઇતિહાસનો મોટા મોટા દિગંબર વિદ્વાનો ઇન્કાર કરે છે-કુશંકા કરે છે, પરંતુ શ્રી કુંદકુંદાચાર્યદેવને જેમણે મહાવિદેહમાં આંખોથી દેખ્યા છે-સાક્ષાત્ દર્શન કર્યા છે એ બહેનશ્રીના આંખો દેખ્યા ઇતિહાસને આપણે કેમ ઠુકરાવી શકીયે?....પૂજ્ય બહેનશ્રીનું જાતિસ્મરણ કોઈ અદ્‌ભૂત છે તેથી આજ આપણે તેઓશ્રીનું અભિનંદન કરીયે છીએ....પૂજ્ય ગુરુદેવશ્રીને તો જાતિસ્મરણ હતું નહિ, પરંતુ શ્રી સીમંધરસ્વામીના સાન્નિધ્યના પવિત્ર સંસ્કારના કારણે અને ભવિષ્યના તીર્થંકર જેવા

ઉત્કૃષ્ટ સંસ્કારના કારણે તેઓશ્રીના અંતઃકરણમાંથી જે પ્રતિધ્વનિ ઉઠતો હતો---ભૂત-ભવિષ્ય સંબંધી—તેને પૂજ્ય બહેનશ્રી સ્વયં બેઠા બેઠા જાણતા હતા....પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણ સંબંધી સંભવતઃ આપણામાંથી જ કેટલાક લોકો શંકા કરતા હશે, પરંતુ મારું ખાસ કહેવું છે કે જો આપણે પૂજ્ય ગુરુદેવશ્રીને ખરેખર એક મહાન પુરુષ માનતા હોઈએ, એક અલભ્ય પુરુષ ગણતા હોઈએ, સાચા તત્ત્વના પ્રખર પ્રતિપાદક માનતા હોઈએ, તેમના તત્ત્વ સંબંધીના એક શબ્દનો પણ ઈન્કાર થઈ શકતો ન હોય અને જગત-પ્રસિદ્ધ જાતિસ્મરણ જેવા લૌકિક વિષયમાં પૂજ્ય બહેનશ્રીના અદ્ભુત જાતિસ્મરણનો અંતરમાં ઇન્કાર કરીયે તો તેમને પૂજ્ય ગુરુદેવશ્રીમાં જ વિશ્વાસ નથી....સ્ત્રી જેવી તુચ્છપર્યાયમાં પણ સાક્ષાત્ પરમાત્માના દર્શન કરી લેવાનો અદ્ભુત પુરુષાર્થ કરનાર પૂજ્ય બહેનશ્રીના દર્શન વડે આપણે સૌ તેઓશ્રીના પુરુષાર્થનું અનુકરણ કરીને તેઓશ્રીની જેમ સ્વાનુભૂતિ પ્રાપ્ત કરીને આ દુર્લભ મનુષ્યપર્યાય સફળ કરીયે એ જ ભાવના સાથે પૂજ્ય બહેનશ્રીને અનંત વંદન.... —શ્રી યુગલજી ( કોટા )ના ભાષણમાંથી.

## * સ્વાનુભૂતિ અને જાતિસ્મરણજ્ઞાનથી વિભૂષિત પૂજ્ય બહેનશ્રી *

આજ એવી કોઈ વ્યક્તિ નહીં હોય કે જે પૂજ્ય ગુરુદેવશ્રીને જાણતા હોય ને પૂજ્ય બહેનશ્રીને ન જાણતા હોય. પૂજ્ય ગુરુદેવશ્રી પછી સોનગઢ સાથે કોઈનું નામ લેવાતું હોય તો તે પૂજ્ય બહેનશ્રીનું છે. પૂજ્ય બહેનશ્રીના વિશે બે વાત મુખ્યપણે પ્રસિદ્ધ છે—એક તો સ્વાનુભૂતિ સંપન્નતા અને નિર્મળ જાતિસ્મરણ જ્ઞાન. જ્યારે પણ આપણે એમ કહીયે છીએ કે પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલું તત્ત્વજ્ઞાન એ તો શ્રી સીમંધર પરમાત્મા પાસેથી સાક્ષાત્ સાંભળેલું તત્ત્વજ્ઞાન છે—તેનો અર્થ એ થયો કે આપણે પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણને સ્વીકારીયે છીએ—પ્રસિદ્ધ કરીયે છીએ. હું તો સમજું છું-મને તો વિશ્વાસ છે કે સકલ સમાજને જેટલી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ છે એટલો જ આદરભાવ પૂજ્ય બહેનશ્રી પ્રત્યે છે.... —ડૉ. હુકમચંદજી ભારિલ્લના ભાષણમાંથી

## * પૂજ્ય બહેનશ્રી: હાલતું ચાલતું જિનશાસન *

....ભગવાન કુંદકુંદાચાર્ય ફરમાવે છે કે શુદ્ધાત્માનુભૂતિ છે તે જ જિનશાસન છે. તેમ આ યુગમાં જો હાલતું-ચાલતું જિનશાસન હોય, ચાલતી-ફરતી અનુભૂતિ હોય તો તે આ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન જ છે. બાલ્યાવસ્થાથી જ ગંભીર, શાંત, વૈરાગ્યપ્રિય, સતી-ચરિત્ર-પ્રેમી ઈત્યાદિ ઉચ્ચ કોટિના લક્ષણ તેઓમાં ઉપલબ્ધ હતા. મારે એક માત્ર આત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી.—એમ આત્મા માટે અંતરના સંસ્કાર જોર કરતા હતા. પરંતુ સંસ્કાર સાકાર બનતા ન હતા. પૂજ્ય ગુરુદેવશ્રીની વજ્રવાણીએ પૂજય બહેનશ્રીના આત્માને ચમકાવી દીધો. સં. ૧૯૮૯ ની સાલમાં ફાગણ

[ અનુસંધાન પાનું ૨૪ ]

અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં નિર્મિત થનાર

[ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સ્મારક યોજના અંતર્ગત ]

# પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સમાધિ-મંદિરનો શિલાન્યાસ-સમારોહ

જેઓશ્રીની અપાર કરુણાના કારણે સકલ જિજ્ઞાસુ સમાજને 'આત્મા' શબ્દ સાંભળવા મળ્યો, જેઓશ્રીના અભૂતપૂર્વ ઉપકારથી ભવ્યો આત્મકલ્યાણના માર્ગે વળ્યા, ૪૬-૪૬ વર્ષ સુધી જેઓશ્રીના શ્રીમુખેથી જ્ઞાનગંગા વહી-એવા પરમોપકારી આપણા જીવન-આધાર જીવન-શિલ્પી આત્મોદ્ધારક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સ્મારકની યોજના અંતર્ગત સોનગઢમાં નિર્મિત થનાર સમાધિ-મંદિરના શિલાન્યાસ-સમારોહ પ્રસંગે શ્રાવણ વદ ૧ રવિવાર તા. ૧૬-૮-૮૧ના રોજ દેશભરમાંથી અઢી હજાર ધર્મપ્રેમી ગુરુભક્તોએ હાજર રહીને પોતાના વહાલા ધર્મપિતાએ પ્રરૂપેલો વીર-જિન-શાસનનો અધ્યાત્મ-પ્રકાશ પંચમ આરાના અંત સુધી દશો-દિશામાં છવાયેલો રહે એવી ભાવ-શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી હતી.

* ઉપરોક્ત પ્રસંગે સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના ટેઈપ-રેકોર્ડિંગ પ્રવચન પછી, શ્રી સ્વાધ્યાય-મંદિરના કમ્પાઉન્ડમાં જ્યાં પૂજ્ય ગુરુદેવશ્રીના પાર્થિવ-દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવેલ તે સ્થળે નિર્મિત થનાર 'પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સમાધિમંદિર'ના શિલાન્યાય-વિધિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ઉપરોક્ત સ્થળે જિનબિંબને બિરાજમાન કરીને, જિનેન્દ્ર પૂજન કરીને, શિલાન્યાસ કરનાર ઈન્દ્રો દ્વારા વિધિ-વિધાન પૂર્વક ભૂમિ-શુદ્ધિ કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિવાસસ્થાને તેઓશ્રીના પવિત્ર કરકમળ દ્વારા સમાધિ-મંદિરના પાયામાં મૂકવાની શિલા-ઈંટો ઉપર તથા પ્રશસ્તિપત્ર ઉપર સ્વસ્તિક આલેખન કરવામાં આવ્યું હતું. પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહે સભા સમક્ષ પ્રશસ્તિપત્રનું વાંચન કર્યું હતું. પોતાની નાદુરસ્ત તબિયતના કારણે પૂજ્ય ભગવતીમાતા બહેનશ્રી ચંપાબેન શિલાન્યાસ-વિધિ નીહાળવા આવી શકયા ન હતા. પૂજ્ય શાંતાબેન, વયોવૃદ્ધ મુરબ્બી શ્રી રામજીભાઈ આદિ ટ્રસ્ટીગણ અને અઢી હજાર મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં નાઈરોબી નિવાસી નાઈરોબી મુમુક્ષુ મંડળના સભ્યો હરીયા પરિવાર વતી ભાઈશ્રી અમૃતલાલ વાલજી તથા સ્વ. શ્રી મેઘજીભાઈ નથુભાઈ માલદેના પરિવાર વતી ભાઈ શ્રી હરખચંદ રાયચંદના શુભ હસ્તે શિલાન્યાસ-વિધિ કરવામાં આવી હતી. શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે શ્રી સમાધિ-મંદિરના શિલાન્યાસ-વિધિની

પોતાને તક આપી તેથી તેઓએ અત્યંત આભાર વ્યક્ત કર્યો હતો ને આ અવસરની ખુશાલીમાં બન્ને પરિવારે રૂા ૨૫-૨૫ હજાર સમાધિ-મંદિર ખાતે દાનમાં જાહેર કર્યા હતા. તદુપરાંત નાઈરોબી મુમુક્ષુમંડળ તરફથી રૂપિયા ૫૦ હજાર અને નાઈરોબી નિવાસી શ્રી અજિતભાઈ પ્રેમચંદ તરફથી રૂપિયા ૩૧ હજાર તથા નાઈરોબી નિવાસી શ્રી ઝવેરચંદ પુનમચંદ શાહ તરફથી રૂપિયા પાંચ હજાર તથા નાઈરોબી નિવાસી શ્રી કમલેશકુમાર ઝવેરચંદ શાહ, શ્રી નિર્મળકુમાર ઝવેરચંદ શાહ, શ્રી વેલજી ભીમજી હરીયા તથા શ્રી નથુભાઈ જેઠાભાઈ માલદે હસ્તે વીરચંદભાઈ—દરેક તરફથી રૂપિયા ૧૦૦૧/-સમાધિ-મંદિર ખાતે દાનમાં જાહેર થયા હતા. આ ઉપરાંત ઉપસ્થિત મુમુક્ષુઓ તરફથી પણ સમાધિ-મંદિર ખાતે ૧ લાખ ને ૧૦ હજાર રૂપિયાની દાનરાશી જાહેર થઈ હતી.

* ઉપરોક્ત સમાધિ-મંદિરના શિલાન્યાસના અવસર નિમિત્તે રક્ષાબંધનના દિવસને બદલે શ્રાવણ વદ એકમના સ્વ. શ્રી હેમકુંવરબેન કામાણી તરફથી સ્વામીવાત્સલ્યભોજન આપવામાં આવ્યું હતું.

* શિલાન્યાસ-સમારોહ તથા જન્મજયંતી મહોત્સવ પ્રસંગે શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન ભજનમંડળી ઘાટકોપર દ્વારા ભક્તિ-કાર્યક્રમો રજુ થયા હતા.

## * ટ્રસ્ટની મિટીંગની રૂપરેખા *

* શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓની મિટીંગમાં લેવાયેલા કેટલાક નિર્ણયોની રૂપરેખા ટ્રસ્ટી શ્રી નેમીચંદજી પાટણીએ સભા સમક્ષ રજૂ કરતા કહ્યું હતું કે:— (૧) પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક યોજના અંતર્ગત નિર્મિત થનાર શ્રી દિ. જૈન પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં ભગવાન બાહુબલિજીની ખડગાસન ભવ્ય પ્રતિમા બિરાજમાન કરવાનું તથા ભગવાન બાહુબલિજીને વંદન કરી રહેલા પૂજ્ય ગુરુદેવશ્રીનું ભવ્ય સ્ટેચ્યુ (-બાવલુ) મૂકવાનું નક્કી કરવામાં આવ્યું છે.

(૨) પૂજ્ય ગુરુદેવશ્રીએ જે મોટર-ગાડીમાં બેસીને સારાયે હિન્દુસ્તાનમાં ફરીને ધર્મ-પ્રચાર કર્યો હતો તે 'મંગલવર્ધિની' મોટરને સોનગઢમાં સુંદર ગેરેજ બનાવીને તેમાં કાયમી યાદી રૂપે રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે અને તે માટે જે સદ્‌ગૃહસ્થ રૂપિયા ૫૧ હજારનું દાન આપશે તેના નામના ઉલ્લેખ સાથે ગેરેજ બનાવીને તેમાં મંગલવર્ધિનીને મૂકવામાં આવશે.

(૩) પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સમાધિ મંદિરના બાંધકામનું કાર્ય પણ શ્રી નંદીશ્વર જિનાલયની સાથોસાથ શરૂ કરી દેવામાં આવશે. આ સમાધિ-મંદિરમાં કોઈ પણ જિનભગવંતો-જિનબિંબોની સ્થાપના કરવામાં નહીં આવે, માત્ર સમાધિ-સ્થાન ઉપર આરસમાં અંકિત સ્વસ્તિક ચિન્હ ગોઠવવામાં આવશે તથા પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન સંબંધી મુખ્ય મુખ્ય ચિત્રપટો તૈયાર કરવામાં આવશે.

(૪) અધ્યાત્મ-તીર્થધામ સુવર્ણપુરીમાં દેશભરમાંથી ધર્મપ્રેમી ભાઈ-બહેનો આવતા રહે તે માટેની રહેવા તથા જમવાની સારી વ્યવસ્થા થઈ શકે તે ઉદ્દેશથી, વર્ષો સુધી જેઓએ સોનગઢમાં રહીને રસોડાના સંચાલનમાં તન-મન-ધનથી સેવા આપી હતી તે શ્રી મલુકચંદભાઈ ઝોબાલિયાના સ્મરણાર્થે તેમના સુપુત્ર શ્રી પુનમચંદભાઈને તેમના અંગત ટ્રસ્ટ દ્વારા રહેવા-જમવાની વ્યવસ્થાનું સંચાલન કરવા દેવાનું નક્કી કરવામાં આવેલ છે.

તદુપરાંત અગાઉ લેવાયેલા અગત્યના નિર્ણય મુજબ ટેઈપ-રેકોર્ડિંગ રૂમમાં એર-કન્ડીશનર ગોઠવી દેવામાં આવેલ છે તેમ જ વીજળી કાપ વખતે પણ સોનગઢમાં નિયમિત્ત દિનચર્યા મુજબ ટેઈપ-રેકોર્ડિંગ પ્રવચનો ચાલુ રહે તે માટે જરૂરી જનરેટર હોંગકોંગ નિવાસી શ્રી મધુભાઈ ચીમનલાલ ઝવેરી તરફથી ટ્રસ્ટને હોંગકોંગથી ભેટ મોકલવામાં આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં પ્રથમવાર સોનગઢમાં શિક્ષણ-શિબિરનું આયોજન હોવા છતાં અને ગુજરાત-સૌરાષ્ટ્ર અને બીજા રાજ્યોની કેટલીક ટ્રેઈનો ને રસ્તાઓ બંધ હોવા છતાં જે ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં ભારતભરમાંથી મુમુક્ષુઓ આ શિબિર, સમાધિ-મંદિર શિલાન્યાસ અને જન્મજયંતીના ત્રણે પ્રસંગોનો લાભ લેવા આવ્યા છે તે જોઈને ટ્રસ્ટને ઘણો ઉત્સાહ પ્રેરાયો છે ને આગામી દરેક પ્રસંગોમાં દેશભરમાંથી વધુ ને વધુ સંખ્યામાં મુમુક્ષુઓ અહીં આવીને ધર્મલાભ પામે તે માટે ટ્રસ્ટે વિશેષ પ્રયત્નો કરવાનું વિચારેલ છે.

* શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન તીર્થસુરક્ષા ટ્રસ્ટે જાહેર કર્યું હતું કે પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીની સુરક્ષા તેમજ પ્રચાર માટે તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના બધા જ પ્રવચનોની—૮૪૦૦ પ્રવચનોની ટેઈપનો એક સેટ વસાવશે.

## —: ભોજન વ્યવસ્થા :—

* આ વખતે રસોડાની વ્યવસ્થા વિશેષ ધ્યાનાકર્ષક રહી હતી. દેશભરમાંથી આવેલ મહેમાનોને સારા ભોજનની વ્યવસ્થાથી ઘણો સંતોષ થયો હતો. ભોજનાલયના વ્યવસ્થિત સંચાલન માટે ટ્રસ્ટે સહકાર્યકર શ્રી ભોગીભાઈ ડગલી તથા શ્રી પ્રેમજીભાઈ દેવજીભાઈ (મલાડ) તથા હેમંતભાઈ ગાંધીનો આભાર વ્યક્ત કર્યો હતો. તે ઉપરાંત મુંબઈ-મલાડ-ભાવનગર આદિના ઉત્સાહી કાર્યકરોએ સારી વ્યવસ્થામાં પોતાનો સહકાર આપ્યો હતો.

## ❋ શાસ્ત્ર-પ્રભાવના ❋

આ શિબિર—મહોત્સવ દરમિયાન 'પ્રવચન રત્નાકર ભાગ-૫', 'હિન્દી પ્રવચન રત્નાકર ભાગ-૧', 'સત્યની શોધ ભાગ-૨' તથા યુવા-ફેડરેશનની મુંબઈ શાખા દ્વારા 'અધ્યાત્મ-પ્રણેતા' (સ્મારિકા) પુસ્તકોની પ્રકાશનવિધિ થઈ હતી.

## ❋ જ્ઞાન-પ્રચાર ❋

સમાધિમંદિર શિલાન્યાસ નિમિત્તે તથા ૯૮મી જન્મજયંતી મહોત્સવ નિમિત્તે

શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન તીર્થસુરક્ષા ટ્રસ્ટ તરફથી ગુજરાતી આદિ પાંચ ભાષામાં પ્રકાશિત થતા આત્મધર્મની આજીવન ફી રૂા. ૧૦૧/-ને બદલે રૂા. ૭૬/-જાહેર કરવામાં આવી હતી.

* શ્રાવણ વદ એકમ તથા બીજ માટે પ્રવચન રત્નાકર ભાગ ૧ થી ૫નું શ્રી છોટાલાલ ભીખાલાલ મહેતા, મુંબઈ તરફથી અડધી કિંમતે વેચાણ રાખવામાં આવ્યું હતું, જેમાં કુલ રૂપિયા સાત હજારના પુસ્તકોનું વેચાણ થયું હતું.

* સમાધિ-મંદિર શિલાન્યાસ તથા ૯૮મી જન્મ જયંતીના દિવસે શ્રી કુંદકુંદ કહાન દિ. જૈન ભજનમંડળી, ઘાટકોપર દ્વારા પ્રસંગોચિત વિશેષ ભક્તિ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.

## * પ્રભાવના-કાર્ય માટે વિપૂલ દાનરાશિ *

ત્રણે પ્રસંગોમાં લાભ લેવા આવેલા તેમજ આવી નહીં શકેલા ધર્મપ્રેમી મુમુક્ષુ દાતાઓ તરફથી સારી એવી દાનરાશિ સંસ્થાને પ્રાપ્ત થઈ હતી. જેમાં ૯૮ મી જન્મ જયંતીના ઉપલક્ષમાં આવેલી કુલ રકમ રૂપિયા ૧ લાખ ૫૦ હજાર, સમાધિ-મંદિર ખાતે આવેલી કુલ રકમ રૂપિયા ૨ લાખ ૫૦ હજાર, શિબિર ખર્ચ ખાતે આવેલી કુલ રકમ રૂપિયા ૫૦ હજાર, શ્રી દિ. જૈન પંચમેરુ નંદીશ્વર જિનાલય ખાતે આવેલી કુલ રકમ રૂપિયા ૫૦ હજાર તથા વચનામૃત પાટીયા ખાતે આવેલી કુલ રકમ રૂપિયા ૨૦ હજાર અને અન્ય ખાતાઓમાં રૂપિયા ૫ હજાર—એમ કુલ સવા પાંચ લાખ રૂપિયા ધર્મ-પ્રભાવનાકાર્ય માટે દાતાઓ તરફથી સંસ્થાને પ્રાપ્ત થયા છે.

## * નાઈરોબી મુમુક્ષુ મંડળની પ્રેરણા અને સહયોગ *

પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક યોજના અંતર્ગત એક ભવ્ય દિ. જૈન પંચમેરુ નંદીશ્વર જિનાલયના નવ-નિર્માણ જે યોજના થઈ તે યોજનાને સાકાર કરવા માટે સૌ પહેલા શ્રી નાઈરોબી મુમુક્ષુ મંડળની પ્રેરણા મળી હતી અને જ્યારે તેઓ તરફથી ખૂબ જ પ્રમોદપૂર્વક ઉત્સાહથી સારો એવો સહકાર મળ્યો ત્યારે જ ઉપરોક્ત યોજના સાકારરૂપ ધારણ કરી શકી છે. તેથી ટ્રસ્ટ વતી મંત્રી શ્રી ચીમનભાઈ મોદીએ શ્રી નાઈરોબી દિ. જૈન મુમુક્ષુ મંડળનો આભાર વ્યક્ત કર્યો હતો.

## * શિક્ષણ શિબિરનું સફળ આયોજન *

પૂજ્ય ગુરુદેવશ્રીના સાક્ષાત્ દર્શન ને અધ્યાત્મરસ ઝરતી વાણીનો લાભ મળતો હતો ત્યારે તો દેશભરમાંથી મુમુક્ષુઓ અગવડતા વેઠીને પણ હોંશે હોંશે શિક્ષણ-શિબિરમાં લાભ લેવા આવતાં. પરંતુ પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં પ્રથમ વાર આયોજિત શિક્ષણ-શિબિરની સફળતા જોતાં ટ્રસ્ટીઓને તથા ઉપસ્થિત મુમુક્ષુઓને ખાતરી થઈ ગઈ

કે પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ અધ્યાત્મતીર્થધામ સોનગઢ મહેમાન-મુમુક્ષુઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે અને પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલો વીરશાસનનો અધ્યાત્મ-પ્રકાશ દિન-પ્રતિ-દિન વધુ ને વધુ ફેલાતો જ રહેશે.

ગત વર્ષની માફક આ શિક્ષણ-શિબિર દરમિયાન રોજના ભરચક કાર્યક્રમો રહ્યા હતા, રોજ સવારે ૫ા થી ૬ા શ્રી પરમાગમ મંદિરમાં ભિન્ન ભિન્ન વક્તાઓનું પ્રવચન ત્યાર બાદ શ્રી જિનેન્દ્ર-પૂજન, ૮ થી ૯ ૧૯૭૫ ની શિક્ષણ-શિબિર વખતના શ્રી પ્રવચનસારની ગાથા ૨૩૨ થી ૨૩૬ તથા અલિંગગ્રહણના બોલ ૧૮, ૧૯, ૨૦, ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું ટેઈપ-રેકોર્ડિંગ-પ્રવચન, ૯ા થી ૧૦ા ડૉ. હુકમચંદજી ભારિલ્લ દ્વારા ઉત્તમ વર્ગ તથા પં. શ્રી ચીમનભાઈ કામદાર દ્વારા જઘન્ય વર્ગ, બપોરે ૧-૪૫ થી ૨-૪૫ પં. શ્રી જ્ઞાનચંદજી દ્વારા ઉત્તમ વર્ગ અને પં. શ્રી ચીમનભાઈ કામદાર દ્વારા જઘન્ય વર્ગ, ૩ થી ૪ અને ૪ા થી ૫ા ભિન્ન ભિન્ન વક્તાઓના પ્રવચનો, સાંજે ૬ાા થી ૭ા ગુરુભક્તિ, ૭ા થી ૮ા ૧૯૭૬ ના શિક્ષણ શિબિર વખતના શ્રી પરમાત્મ પ્રકાશ ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના ટેઈપ-રેકોર્ડિંગ પ્રવચનો અને છેલ્લે જુદા જુદા વક્તાઓના પ્રવચનો રાખવામાં આવ્યા હતા. તદુપરાંત સં. ૨૦૦૯ ની શ્રી માનસ્થંભ પ્રતિષ્ઠા મહોત્સવની અને સં. ૨૦૧૩ ની પૂજ્ય ગુરુદેવશ્રીની શિખરજી તીર્થયાત્રાની ફિલ્મ દ્વારા મુમુક્ષુઓને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શનનો લાભ મળ્યો હતો. તા. ૧૦-૮-૮૧ થી તા. ૨૪-૮-૮૧ સુધીના આ સફળ શિક્ષણ-શિબિરની સફળતામાં આત્માર્થી વિદ્વાન ભાઈશ્રી લાલચંદભાઈ મોદી, ડૉ. પ્રવિણભાઈ દોશી, પં. શ્રી યુગલજી, ડૉ. હુકમચંદજી ભારિલ્લ, પં. શ્રી જ્ઞાનચંદજી, પં. શ્રી ચિમનભાઈ કામદાર, પં. શ્રી કનુભાઈ (દાહોદ) ડૉ. પ્રિયંકરજી, પં. શ્રી ધન્નાલાલજી ઇત્યાદિ વક્તાઓનો વિશેષ સહયોગ બની રહ્યો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીના ટેઈપ-રેકોર્ડિંગ પ્રવચન વખતે જાણે પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્ બિરાજમાન હોય તેમ શ્રી પરમાગમ મંદિર મુમુક્ષુ ભાઈ-બહેનોથી ખીચોખીચ ભરાઈ જતો હતો, તેમજ વક્તાઓના પ્રવચનમાં પણ સારી એવી સંખ્યામાં મહેમાનોની ઉપસ્થિતિ રહેતી હતી. મહેમાનોને રહેવાની વ્યવસ્થાનું કાર્ય દર વર્ષની માફક બ્ર. શ્રી જતીશભાઈ, પં. શ્રી જ્ઞાનચંદજી તથા બ્ર. શ્રી ઝમકલાલજીએ સુંદર રીતે સંભાળ્યું હતું.

### ❋ માનનીય સુરજી પ્રમુખશ્રીના આશીર્વચનો ❋

તા. ૨૪-૮-૮૧ ના રોજ શિક્ષિણ-શિબિરની પૂર્ણતાના સમારોહમાં કર્ણાટક, ભીંડ આદિના અગ્રણી વ્યક્તિઓએ સફળ શિક્ષિણ-શિબિરના આયોજન માટે ટ્રસ્ટ તથા ટ્રસ્ટીઓનો આભાર વ્યક્ત કરતા પહેલા પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપકાર મહિમા વ્યક્ત કરીને વરસોવરસ દેશભરમાંથી દરેક પ્રસંગો ઉપર વધુમાં વધુ સંખ્યામાં પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ સોનગઢ આવતા રહેવાની ભાવના ભાવી હતી. છેલ્લે, જેમને ભાદરવા સુદ

ચોથના રોજ ૯૯ મું વર્ષ બેસી રહ્યું છે, જેઓ શ્રી. દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટના આદ્ય સ્થાપક છે ને જેમને માટે પૂજ્ય ગુરુદેવશ્રી સંસ્થાનો થાંભલો, વિરોધ-વંટોળ વચ્ચે અડગ રહેનાર સંસ્થાના સિંહ ઇત્યાદિ વિશેષણો વાપરતા અને જેમણે શિક્ષણ-શિબિર, સમાધિ-મંદિર શિલાન્યાસ તથા જન્મજયંતી મહોત્સવના દરેક પ્રોગ્રામોમાં નિયમિત રીતે સમય પહેલા હાજરી આપીને મુમુક્ષુઓને પ્રેરણારૂપ બન્યા હતા તે વયોવૃદ્ધ પ્રમુખ શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીએ શિક્ષણ-શિબિરની સાનંદ સફળ પૂર્ણતાના ઉપલક્ષમાં આશીર્વચનરૂપે કહ્યું હતું કે પૂજ્ય ગુરુદેવશ્રીનો આપણા સૌના જીવનમાં અત્યાધિક ઉપકાર છે. તેઓશ્રીની અનુપસ્થિતિમાં આપણા સૌના પ્રધાન કર્તવ્યો એ છે કે આપણે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ દ્વારા તેઓશ્રી પાસેથી મળેલી દેશનાને સફળ નિમિત્ત પૂરવાર કરીયે અને બીજું કર્તવ્ય એ છે કે તેઓશ્રીએ ઉપાડેલું ધર્મ-પ્રભાવનાનું કાર્ય જન-જન સુધી પહોંચાડીયે. આપ સર્વે જિજ્ઞાસુઓ અનેક પ્રકારની હાડમારી વેઠીને અહીં લાભ લેવા આવ્યા તે બદલ સૌની ધર્મ-જિજ્ઞાસા ને ગુરુભક્તિથી મને ઘણો જ આનંદ થયો છે ને એ જ રીતે દરેક પ્રસંગે આપ સૌ અહીં આવતા રહો ને સોનગઢ જિજ્ઞાસુ મહેમાનોથી ગાજતું રહે તેવી ભાવના. અંતમાં ઉપરોક્ત ત્રણે પ્રસંગોના સફળ સંચાલક, ટ્રસ્ટના મંત્રી શ્રી ચીમનલાલ ઠાકરશી મોદીએ અગવડતા બદલ ક્ષમા યાચના સાથે મુમુક્ષુ ભાઈ-બહેનોનો હાર્દિક આભાર માનીને સમારોહની પૂર્ણતા કરી હતી. *

સોનગઢમાં

### શેઠ શ્રી મલુકચંદ છોટાલાલ ઝોબાળિયા ટ્રસ્ટ સંચાલિત

## શ્રી કહાન-દિ. જૈન ભોજનાલયનું ઉદ્ઘાટન

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટના પ્રમુખ માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીના સુહસ્તે, મુમુક્ષ-મંડળની ઉપસ્થિતિમાં તા. ૩૦-૮-૮૧ ના રોજ શેઠ શ્રી મલુકચંદ છોટાલાલા ઝોબાળિયા ટ્રસ્ટ સંચાલિત શ્રી કહાન દિ. જૈન ભોજનાલયનું સોનગઢમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ ઉદ્ઘાટન-સમારોહમાં આશીર્વાદ આપતા પૂજ્ય બાપુજીએ કહ્યું હતું કે પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ અધ્યાત્મતીર્થ સોનગઢમાં ભારતભરના ધર્મપ્રેમી જૈનબંધુઓ અહીં આવે છે તેમના માટે સુંદર ભોજન-વ્યવસ્થાની અતિ આવશ્યકતામાં ભાઈ શ્રી પુનમચંદભાઈ અને તેમના પરિવારે સહકાર આપીને તેમના પિતાશ્રી મલુકચંદભાઈની સાધર્મી-વાત્સલ્ય-ભાવનાને સાકાર બનાવી છે, તેથી સકલ સમાજ તેમ જ હું અત્યંત ખુશી થયા છીએ અને ધર્મ-પ્રભાવનાના અંગભૂત એવા આ સાધર્મી-વાત્સલ્ય ભાવનાના પ્રતિકરૂપ સુંદર ભોજનાલયના સંચાલન માટે તેના સંચાલકોને અભિનંદન પાઠવું છું.... ત્યાર બાદ સંસ્થા વતી સંસ્થાના સેક્રેટરી શ્રી ચીમનભાઈ મોદીએ પોતાના ભાષણમાં કહ્યું હતું કે સ્વ. શ્રી મલુકચંદભાઈ પૂજ્ય ગુરુદેવશ્રીના ઘણા જુના ભક્ત હતા. તેઓ

સાધર્મી-સેવાભાવી હતા. તેઓએ બન્ને તીર્થયાત્રામાં રસોડાનું સફળ સંચાલન કરવા ઉપરાંત સોનગઢમાં સ્થાયી રહીને ભોજનાલયમાં તેમ જ શ્રી દિ. જૈન વિદ્યાર્થીગૃહના ટ્રસ્ટી તરીકે તેઓએ ઘણી સેવા આપી હતી. તેઓને ધર્મ-પ્રભાવનાના અંગભૂત સુંદર ભોજનાલય માટેની ઉમદા ભાવના હતી, જે તેમના સુપુત્ર શ્રી પુનમભાઈ અને તેમના કુટુંબે આજે સાકાર કરી છે. જો કે પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં જ આવી સુંદર ભોજનલાયની અતિ જરૂરીયાત હતી, તેમ છતાં તેઓશ્રીની અનુપસ્થિતિમાં આ ભોજનાલયનું આજે ઉદ્ઘાટન થયું એ સૂચવે છે કે હજુ વિશેષ ને વિશેષ ધર્મપ્રભાવના સોનગઢથી થવાની છે. પોતાના પિતાશ્રીની ભાવનાને અનુરૂપ ભાઈ શ્રી પુનમભાઈની ભાવના છે કે દેશભરમાંથી વધુમાં વધુ ધર્મપ્રેમી જિજ્ઞાસુ જીવો અહીં આવતા રહે અને તેઓને રહેવા ઉપરાંત જમવાની સારી વ્યવસ્થા સાંચવી શકીયે—એ ઉચ્ચ ભાવના પૂજ્ય ગુરુદેવશ્રીના પુણ્યપ્રતાપે સફળ થાઓ એવી સંસ્થા વતી અને મુમુક્ષ સમાજ વતી અભ્યર્થના સાથે અભિનંદન....ત્યાર બાદ સ્વ. મલુકચંદભાઈના નાનાભાઈ પં. શ્રી હિંમતભાઈએ આ આખી યોજના કઈ રીતે ઉદ્ભવી અને શ્રી પુનમભાઈને કેટલી બધી ભાવના છે તેનો ખ્યાલ આપીને કહ્યું કે આ તો સાધર્મીઓની સેવાનો લાભ લેવાનું સદ્ભાગ્ય સાંપડયું છે. આ બધા સાધર્મીબંધુઓનો સંગાથ એકાદ ભવનો નથી પણ અનંતકાળ સુધીનો છે—સિદ્ધ થયા પછી પણ સંગાથ રહેવાનો છે. વર્તમાન કોઈ પ્રકૃત્તિ આદિનું કારણ દેખાય છતાં સાધર્મીઓ એ જ સાચા સગા છે, એ જ એકબીજાને આત્મહિતની પ્રેરણા દેનારા છે ને તેઓ જ અનંતકાળ સુધી સાથે રહેવાના છે—એવા સાધર્મી મહેમાનોને રહેવા-જમવાની સારી વ્યવસ્થા પૂરી પાડવાનો શ્રી પુનમચંદભાઈને જે ભાવ જાગ્યો છે તે દેખીને તેમના કાકા તરીકે મારું હૃદય આજે ગદ્ગદ્ થઈ ગયું છે. તેઓની ભાવના પ્રમાણે દેશભરમાંથી વધુ ને વધુ સાધર્મીઓ સોનગઢ આવતા રહે અને તેઓને આ ભોજનાલય દ્વારા સારી સગવડતા મળતી રહે તેવી ભાવના....ત્યાર બાદ શ્રી પુનમભાઈના બનેવી શ્રી મનુભાઈએ પણ શ્રી મલુકચંદભાઈની ભાવના વિશે અને પુણ્યથી ઉપાર્જિત સમ્પત્તિનો સદુપયોગ કરવાની શ્રી પુનમચંદભાઈની ભાવનાનો ખ્યાલ આપતા કહ્યું હતું કે અમે આ કોઈ મોટું કાર્ય કર્યું નથી પણ અમે તો અમારી ફરજ બજાવી રહ્યા છીએ....છેલ્લે શ્રી પુનમભાઈએ માનનીય મુરબ્બી શ્રી પ્રમુખશ્રીનો તેમ જ ઉપસ્થિત મહેમાનોનો આભાર માનતા કહ્યું હતું કે પૂર્વના પુણ્યથી ઉપાર્જિત આ સમ્પત્તિ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રકાશિત ધર્મ-પ્રભાવવાના કાર્ય માટે વાપરવાનો તથા મારા પિતાશ્રીની ભાવના સાકાર કરવાનો મને લાભ આપવા બદલ હું સંસ્થાનો ઋણી છું. ઘણો આભાર માનું છું.

**સૂચના:**—સાધર્મી મુમુક્ષુ મહેમાનો સોનગઢ રહીને પોતાની આત્મ-સાધના કરી શકે તે ભાવનાથી શ્રી કહાન દિ. જૈન ભોજનાલયમાં સવારે ચા નિઃશુલ્ક તથા બપોરના ભોજનના માત્ર રૂા. ૨/= અને સાંજના ભોજનનો માત્ર રૂા. ૧/= લેવાનું નક્કી કરવામાં આવેલ છે.

* ❀ *

મહત્તા એવં પ્રસિદ્ધિકા સ્પષ્ટ પ્રમાણ હૈ. 'વચનામૃત' કે એક એક અક્ષર, એક એક શબ્દ એવં એક એક વાક્ય પર પૂજ્ય શ્રી કાનજીસ્વામીને અપની સૂક્ષ્મ એવં પૈની વાણીસે પ્રવચન કિયે હૈં.

વચનામૃતમેં સંસારકી અસારતા, આત્માકી મહિમા એવં આત્માકી પ્રાપ્તિ કે ઉપાય સંબંધી કુછ ઉલ્લેખનીય અંશ :—

'આત્મા એક સાર હૈ, અન્ય સબ નિઃસાર હૈ. સબ ચિન્તાકો છોડકર એક આત્માકી ચિંતા કર. કુછ ભી કરકે ચૈતન્યસ્વરૂપ આત્માકો પકડ, તભી તૂ સંસારરૂપી મગરકે મુંહસે છૂટ સકેગા.

યહ તો પંછીકા મેલા જૈસા હૈ, ઇકટ્ઠે હુએ હૈં વે સબ અલગ હો જાવેંગે. આત્મા એક શાશ્વત હૈ, અન્ય સબ અધ્રુવ હૈ, બિખર જાએગા. મનુષ્યજીવનમેં આત્મકલ્યાણ કર લેના યોગ્ય હૈ.

સંસારકી અનેક અભિલાષારૂપ ક્ષુધાસે દુખિત મુસાફિર! તૂ વિષયોંકે લિયે ક્યોં તરસતા હૈ? વહાં તેરી ભૂખ શાંત ન હોગી. અંતરમેં અમૃતફલોંકા ચૈતન્યવૃક્ષ લગા હૈ, ઉસે દેખ તો અનેક પ્રકારકે મધુર ફલ એવં રસ તુઝે પ્રાપ્ત હોંગે. તૂ તૃપ્ત-તૃપ્ત હો જાએગા.

આત્મા સર્વોત્કૃષ્ટ હૈ, આશ્ચર્યકારી હૈ. જગતમેં ઉસસે ઊંચી વસ્તુ નહીં હૈ. ઉસે કોઈ લે નહીં જા સકતા. જો છૂટ જાતી હૈ વહ તો તુચ્છ વસ્તુ હૈ, ઉસે છોડતે હુએ તુઝે ડર ક્યોં લગતા હૈ?

અહો! યહ તો ભગવાન આત્મા! સર્વાંગ સહજાનન્દકી મૂર્તિ! જહાં દેખો આનન્દ, આનન્દ ઔર આનન્દ! જૈસે મિશ્રીમેં સર્વાંગ મિઠાસ વૈસે હી આત્મામેં સર્વાંગ આનન્દ.

આત્મા ઉત્કૃષ્ટ અજાયબઘર હૈ. ઉસમેં અનન્ત ગુણરૂપ અલૌકિક આશ્ચર્ય ભરે હૈં. દેખને જૈસા સબ કુછ, આશ્ચર્યકારી ઐસા સબ કુછ, તેરે અપને અજાયબઘરમેં હી હૈ; બાહ્ય મેં કુછ નહીં હૈ. તૂ ઉસીકા અવલોકન કર ન! ઉસકે ભીતર એક બાર ઝાંકને સે ભી તુઝે અપૂર્વ આનંદ હોગા. વહાંસે બાહર નિકલના તુઝે સુહાએગા હી નહીં. બાહરકી સર્વ વસ્તુઓંકે પ્રતિ તેરા આશ્ચર્ય ટૂટ જાયગા. તૂ પરસે વિરક્ત હો જાયગા.

ચૈતન્યકી ધરતી અનન્ત ગુણરૂપી બીજસે ભરી ઉપજાઊ હૈ. ઇસ ઉપજાઊ ધરતીકો જ્ઞાન-ધ્યાનરૂપી પાનીસે સીંચને પર વહ લહલહા ઉઠેગી.'

[ ભોપાલ (મધ્ય પ્રદેશ)નાં 'નવ ભારત' 'દૈનિક આલોક' અને 'દૈનિક જાગરણ' પત્રોમાં છપાયેલો શ્રી મહેશચંદ્ર જૈનનો લેખ 'આત્મધર્મ'ના વાંચકોની જાણ માટે આપવામાં આવેલ છે. ]

[ વૈરાગ્યમહલકે શિખર... ટાઈટલ પૃષ્ઠ ૪ થી ચાલુ ]

જન્મ વિદેહક્ષેત્રમેં સીમંધર ભગવાનકી દિવ્યધ્વનિમેં શ્રવણ કિએ હુએ ૯ ભવોંકા નિર્મલ જાતિસ્મરણજ્ઞાન હુઆ.

આપશ્રીકા વ્યક્તિત્વ એક ખુલી કિતાબ હૈ. આપશ્રીકી અત્યન્ત શાંત એવં સૌમ્ય મુદ્રા હૈ, જિસસે આત્માનુભવ ઔર વૈરાગ્યકા તેજ નિતરતા હૈ. આપશ્રી સ્વભાવસે અત્યન્ત ધીર, વીર ઔર ગુણ-ગંભીર હૈં. આપશ્રી બાહ્ય કીર્તિસે અત્યન્ત દૂર, નિરન્તર આત્મસાધનામેં મશગૂલ રહતી હૈ. દુનિયાકે રાગરંગસે અછૂતી એવં ચૈતન્યતલકો સ્પર્શ કરનેવાલી આપશ્રીકી સજગ પરિણતિ હૈ. દર્શનકો પહુંચનેવાલે પ્રત્યેક દર્શકકો આપશ્રીકે પ્રથમ દર્શનમેં હી અપૂર્વ, અનુપમ ઔર અતીવ શાંતિકા અનુભવ હોતા હૈ એવં ઉસકે હૃદય પર આપશ્રીકી પ્રખર પ્રતિભાકી અમિટ છાપ પડે બિના નહીં રહતી.

આપશ્રી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીકી પ્રધાન શિષ્ય હૈં. શ્રી કાનજીસ્વામી એવં ઉનકે દ્વારા ઉનકે યુગમેં હુઈ દિગમ્બર જિનશાસનકી અદ્વિતીય એવં અતિશય પ્રભાવનામેં આપશ્રીકી ભૂમિકા સબસે અધિક મહત્વપૂર્ણ રહી હૈ. પૂજ્ય શ્રી કાનજીસ્વામી અનેક બાર ધર્મસભામેં કહતે થે કિ "બહિનોંકા મહાન ભાગ્ય હૈ કિ ચંપાબેન જૈસી 'ધર્મરત્ન' ઇસ કાલમેં પૈદા હુઈ હૈં. બહિન તો ભારતકા અનમોલ રતન હૈ. અતીન્દ્રિય આનન્દકા નાથ ઉનકો અન્તરમેં જાગૃત હુઆ હૈ. ઉનકી અન્તરકી સ્થિતિ કોઈ ઔર હી હૈ. ઉનકી સુદૃઢ નિર્મલ આત્મદૃષ્ટિ તથા નિર્વિકલ્પ સ્વાનુભૂતિકા જોડ ઈસ કાલમેં મિલના કઠિન હૈ. અસંખ્ય અરબ વર્ષોંકા ઉન્હેં જાતિસ્મરણજ્ઞાન હૈ. બહિન ધ્યાનમેં બૈઠતી હૈં તબ કઈ બાર વહ અન્તરમેં ભૂલ જાતી હૈં કિ 'મૈં મહાવિદેહમેં હૂં યા ભરતમેં.' બહિન તો અપને અન્તરમેં આત્માકે કાર્યમેં ઐસી લીન હૈં કિ ઉન્હેં બાહરકી કુછ ભી પડી નહીં હૈ. પ્રવૃત્તિકા ઉનકો જરા ભી રસ નહીં હૈ. ઉનકી બાહર પ્રસિદ્ધિ હો વહ ઉન્હેં સ્વયંકો બિલકુલ પસંદ નહીં હૈ. પરન્તુ હમે ઐસા ભાવ આતા હૈ કિ બહિન કઈ વર્ષ તક છિપી રહીં, અબ લોગ ઉન્હેં પહિચાને." આપશ્રીકે પ્રભાવસે ૭૦ કુમારિકા બહિનોંને પૂજ્ય શ્રી કાનજીસ્વામીસે આજીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કિયા જો આપશ્રીકી મંગલ છત્ર છાયામેં આત્મસાધનામેં રત હૈં. આપશ્રીકી વાણી અત્યન્ત ચમત્કારિક હૈ, જિસમેં ઉનકે અપને સ્વસંવેદનસે નિકલે હુએ સ્વતન્ત્ર શબ્દ હોતે હૈં. વાણીમેં ભાષાકી સરલતા એવં સજીવતા, અર્થકી ગંભીરતા ઔર ભાવોંકી અમાપ ગહરાઈ હૈ. આપશ્રીકી પ્રવચનધારામેંસે કુછ બ્રહ્મચારી બહિનોં દ્વારા ચુને હુએ ૪૩૨ અમૃતવચનોંકા એક સંકલન પ્રસિદ્ધ હુઆ હૈ જિસકા નામ હૈ 'બહિનશ્રીકે વચનામૃત'. તીન વર્ષકી અલ્પ અવધિમેં ૪ ભાષાઓંમેં (હિન્દી, ગુજરાતી, કન્નડ, મરાઠી) ૭૬૦૦૦ પ્રતિયોંકા પ્રકાશિત હોના પુસ્તકકી

[ અનુસંધાન સામે પાને જુઓ. ]

# વૈરાગ્યમહલકે શિખરકી શિરોમણિ 'ચમ્પાબહિન'

૨૫૦૭ વર્ષ પૂર્વ ભગવાન મહાવીર દ્વારા પ્રવાહિત જ્ઞાનસિંધુમેં નિરન્તર નિમગ્ન રહનેવાલી, જ્ઞાનગગનમેં નિરન્તર વિહાર કરનેવાલી, સમતાકી દેવી એવં વૈરાગ્ય મહલકે શિખરકી શિરોમણિ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહિનશ્રી ચમ્પાબહિન-કા મંગલ ઉદય સૌરાષ્ટ્રસ્થિત વઢવાણ શહરમેં સમ્વત (ગુજરાતી) ૧૯૭૦ મેં શ્રાવણ વદી દોજકે દિન વઢવાણ સ્ટેટકે એક સંનિષ્ટ એવં અત્યન્ત પ્રમાણિક પુરુષ શ્રી જેઠાલાલ મોતીચંદ શાહ (પિતાશ્રી) કે આંગનમેં હુઆ થા..

બાલ્યકાલસે હી આપશ્રીકા અન્તર્બાહ્ય જીવન વૈરાગ્યકે રંગમેં રંગા હુઆ થા. ૧૫ વર્ષકી આયુમેં આપશ્રીકો "કાઠિયાવાડકે કોહનૂર" સત્પુરુષ શ્રી કાનજીસ્વામીકે પ્રથમ દર્શન હુએ. ઉનકે આશ્ચર્યકારી વ્યક્તિત્વ એવં વાણીકી આપશ્રીકે હૃદય પર ગહરી છાપ પડી. "સમ્યગ્દર્શન (આત્મદર્શન) અતિ દુષ્કર હૈ ઔર કરોડોં વ્યક્તિયોં મેં કોઈ વિરલા હી ઉસે પ્રાપ્ત કર સકતા હૈ." સમ્યગ્દર્શનકી ઐસી મહિમા ગુરુદેવશ્રીકે મુખ-કમલસે સુનકર આપશ્રીકે જીવનમેં એક નયા મોડ આયા ઔર સમ્યગ્દર્શનકી પ્રાપ્તિકા પ્રયાસ જારી રખા. તીન વર્ષકી સતત આત્મસાધનાકે ફલસ્વરૂપ સમ્વત્ ૧૯૮૯ મેં ફાગુન વદી દસમીકે દિન માત્ર ૧૮ વર્ષકી આયુમેં વાંકાનેર શહરમેં આપશ્રીકે અંતઃકરણમેં 'દિવ્યજ્યોતિ'કા "દિવ્યપ્રકાશ" હુઆ. વહ થા "આત્મદર્શન", "અલૌકિક દર્શન", "સમ્યગ્દર્શન." જબ પૂજ્યશ્રી કાનજીસ્વામીકો પ્રથમ વાર રાજકોટમેં આપશ્રીકે "આત્મસાક્ષાત્કાર" કા જ્ઞાન હુઆ તો ઉન્હોંને અધ્યાત્મકવિષયક ગંભીર કસૌટીપ્રશ્ન પૂછ કર બરાબર પરીક્ષા કી, જિસમેં આપશ્રી ખરી ઉતરીં. પરિણામતઃ પૂજ્ય ગુરુદેવશ્રીને સહર્ષ સ્વીકાર કરકે પ્રમોદ વ્યક્ત કરતે હુએ કહા "કિ-'બહિન! તુમ્હારી દૃષ્ટિ ઔર નિર્મલ અનુભૂતિ યથાર્થ હૈ." ઇસકે પશ્ચાત્ પૂજ્ય શ્રી કાનજીસ્વામી-કી અમૃતવાણીકા પ્રત્યક્ષ લાભ લેનેકી ભાવનાસે એવં ઉન્હીંકી દિવ્યછાયામેં શેષ આત્મસાધના કરનેકે લિએ સમ્વત્ ૧૯૯૧ મેં સોનગઢ કો હી અપના સ્થાયી કેન્દ્રબિંદુ બનાયા. સમ્વત્ ૧૯૯૩ કી ચૈત્ર કૃષ્ણા અષ્ટમીકે દિન આપશ્રીકો પૂર્વ-

[ જુઓ, અનુસંધાન ટાઈટલ પેજ ૩ ]

**જાણ્યે-અજાણ્યે જે કાંઈ અપરાધો થયા હોય તે સર્વેની આત્મધર્મ-પરિવાર ક્ષમા માંગે છે.** —સંપાદક.

તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર ✻ પ્રત : ૨૫૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, PIN : 364 250
મુદ્રક : પ્રવીણચંદ્ર હ. શાહ [ વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ ]